
MNE/413/2019-21




# વોઈસ ઓફ ઘાટકોપર


9022279684

www.vognewslive.com | /vognewslive

બેસ્ટ ન્યુઝપેપર ઈન ટાઉન એવોર્ડ વિજેતા ઘાટકોપરનું પ્રિમીયમ ન્યુઝપેપર

Office : A-1, Basement, Satyam Shopping Centre, M.G.Road, Ghatkopar(East), Mumbai - 400 077. ☎ : 022-40229684

વર્ષ : 14 ● અંક : 14 ● સળંગ અંક : 553 ● મુંબઈ ● શુક્રવાર ● તા.23 અપ્રિલ – 29 અપ્રિલ 2021 ● પાના : 12 ● કિંમત રૂ.4




# ફરજનિષ્ઠાને સલામ



ઈરફાન કાઝી



ડૉ. વિપુલ જોશી

## મનપાનાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના આસિસ્ટન્ટ એન્જિનીયર ઈરફાન કાઝીના માતાના અવસાન બાદ પોતાની ફરજને પ્રાથમિકતા આપી મક્કમ મને તરત જ કાર્યાલયે થયા હાજર

**વોઈસ ઓફ ઘાટકોપર**

મુંબઈ મહાનગરપાલિકાના ઘાટકોપર ‘એન’ વોર્ડ કાર્યાલયમાં આસિસ્ટન્ટ એન્જિનીયર (સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ) ઈરફાન કાઝીનાં ૭૪ વર્ષીય માતા શેરીફાબાનુનું બુધવાર તા. ૧૪ એપ્રિલનાં તેમનાં અંધેરી ખાતેનાં નિવાસસ્થાને નિધન થયું હતું. તેઓ હાર્ટ પેશન્ટ હતાં. બાયપાસ કરાવ્યાં બાદ તેમની હાર્ટની તકલીફ વધી હતી જેને લીધે તેમનું અવસાન થયું હતું. તેમનાં અવસાન બાદ અંતિમક્રિયાઓ પતાવી તરત જ ઈરફાન કાઝી મનપાનાં કાર્યાલયે પહોંચી કામે લાગી ગયાં હતાં. તેમની સાથે વાત કરતાં તેમણે જણાવ્યું કે મારી માતાના જ સંસ્કારો છે કે હું આજે પ્રાઈવેટ કંપનીમાં જોબ કરવાને સ્થાને સરકારી નોકરીમાં કામ કરી રહ્યો છું. તેમણે મને ૩૪ વર્ષ પહેલાં કહ્યું હતું પ્રાઈવેટ કંપનીમાં કામ કરવાથી સ્ટેટસ અને પૈસા મળશે. પણ સરકારી નોકરીમાં લોકોની સેવા કરી શકીશ. તેમની આ વાતો મારા જીવનમાં વણાઈ ગઈ છે. ઈરફાન કાઝીની ફરજનિષ્ઠાને ખરેખર સલામ કરવી પડે કારણકે તેમની માતાના દેહાંત બાદ અંતિમ ક્રિયાઓ પતાવી માતાને ગુમાવ્યા બાદ પણ મક્કમ મને લોકોની સેવામાં તેઓ લાગી ગયાં હતા. તેમનાં વિશે સ્થાનિય રહેવાસી અને ૮૦ વર્ષની



જૈફ વયે પણ સમાજસેવામાં કાર્યરત **ભામિનીબેન મોદીએ** વોઈસ ઓફ ઘાટકોપરને જણાવ્યું કે ‘મારા આટલાં વર્ષના સામાજિક જીવનમાં મેં ઈરફાન કાઝી જેવાં ડેડીકેટેડ ઓફિસર જોયાં નથી. તેઓ મારાં પુત્ર જેવા છે. પણ તેમની સમાજ માટેની ભાવનાં અને ફરજનિષ્ઠાની સારાહના કરવી જોઈએ. તેઓના આવ્યા બાદ ઘાટકોપરમાં અનેક કામોને વેગ મળ્યો છે. તેમનાં માતાનાં દેહાંત બાદ જરૂરી અંતિમક્રિયાઓ બાદ પણ ફરી ફરજને પ્રાધાન્ય આપી લોકસેવામાં લાગી જવું ખુબ મુશ્કેલ હોય છે. સમગ્ર ઘાટકોપર તેમના દુઃખમાં સહભાગી છે. આવા કોરોના વોરિયર અને ડેડીકેટેડ ડોક્ટરો અને મનપા અધિકારીઓની સૌને જરૂર છે. ડો. વિપુલ જોશીનાં પિતાનું અવસાન થયાં બાદ પણ તેઓ પેશન્ટ કેમ સાજાં થાય તેમ ચિંતા કરતાં હોય તો તેમની આ ભાવનાંને સલામ કરવા જેવી છે.’

ઉલ્લેખનીય છે કે ઈરફાન કાઝીના પિતા પણ ગર્વમેન્ટ રિટાયર્ડ ઓફિસર છે.

## પિતાને ગુમાવ્યા છતાં કલાકોમાં કોરોના દર્દીઓની સારવારમાં લાગી ગયાં ડૉ. વિપુલ જોશી

‘મારા પિતાનું કોવિડને કારણે અવસાન થયું તેનું દુઃખ ઘણું હતું પણ મારા પિતાએ મને કહ્યું હતું કે વધુને વધુ લોકોને બચાવી લેજે, તેમનાં આદેશને કેમ ભુલી શકું? માટે અંતિમક્રિયા બાદ ફરી ફરજ પર હાજર થઈ ગયો’ આ શબ્દો છે ઘાટકોપર મેડિકલ એસોસિએશનનાં પ્રમુખ વિપુલ જોશીનાં.

ડૉ. વિપુલનાં પિતા હસમુખભાઈ હિરાલાલ જોશી ૮૯ વર્ષનાં હતા અને જે દિવસે તેઓનું અવસાન થયું તે ૧૪ એપ્રિલનાં જ તેમનો જન્મદિવસ પણ હતો. હસમુખભાઈ જોશીને કોવિડ સંક્રમણ થયું તેનાં કલાકો સુધી પુત્ર વિપુલ ડોક્ટર હોવા છતાં હોસ્પિટલમાં બેડ મળી શક્યો ન હતો. આખરે તેમને હિંદુસભામાં એડમિટ કરવામાં આવ્યાં હતા. આવી ભયાનક સ્થિતી જોઈ હસમુખભાઈ સમજી ગયાં હોય તેમ ડૉ. વિપુલને તેઓ વધુને વધુ દર્દીઓને કોવિડથી બચાવી લેવા માટે કહેતાં, માટે જ તેમની અંતિમવિધી બાદ ડૉ. વિપુલ



જોશી ફરી પેશન્ટને તેમની વધુ જરૂર છે તેમ સમજી ફરજ પર હાજર થઈ ગયાં હતા. આ સમર્પણની નોંધ **ઘાટકોપરનાં સામાજિક આગેવાન રાજેશ ઠક્કરે** પણ લીધી હતી. તેઓએ વોઈસ ઓફ ઘાટકોપરને જણાવ્યું કે ‘ડોક્ટરો કોરોના વોરિયર છે. તેઓ આજનાં સમયમાં પોતાની કે પોતાનાં પરિવારની ચિંતા કર્યા વિના વધુને વધુ લોકોની જાન બચે તે વિચારી ફરજ નિભાવી રહ્યાં છે. સ્વજનના જવાનું દુઃખ સૌને હોય પણ તેમના ગયા પછી દુઃખમાં ગરકાવ થયા વિના દર્દીઓની સેવામાં લાગી જવું ખુબ દાદ માંગે તેવુ કાર્ય છે અને આવો ડોક્ટરોને ભગવાન વધુ ને વધુ સારા કાર્યો કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના કરું છું.’

### અધધધ... ૧ વર્ષમાં કોરોનાના ૨૮૫૭૭ કેસ

**૨૫ એપ્રિલ ૨૦૨૦ના ઘાટકોપર એન વોર્ડમાં ૧૦૯ કેસ કોરોનાના નોંધાયા હતા.**

**જેમાંથી તે સમયે ૨૧ લોકો સાજા થયા હતા.**

**૨૦ એપ્રિલ ૨૦૨૧ના ઘાટકોપર એન વોર્ડમાં ૨૮૬૮૬ કેસ નોંધાયા છે જેમાંથી ૨૪૩૦૭ લોકો સાજા થયા છે.**



## નિશ્ચિંત રહો! કોવેક્સિન અને કોવિશીલ્ડ કોરોના સંક્રમણ વિરુદ્ધ કારગર છે

# કોરોનાની રસી લીધા બાદ પણ સંક્રમિત થનાર લોકો સહેલાઈથી થયા સાજા

કોરોના વેક્સિનનો પહેલો ડોઝ લીધા પછી ૨૧૦૦૦થી વધુ લોકો સંક્રમિત થયા છે. જ્યારે બીજો ડોઝ લીધા પછી ૫૫૦૦થી વધુ લોકોને સંક્રમણ થયું છે. પહેલા ડોઝ પછી ફક્ત ૦.૦૨ ટકા સંક્રમિત થયા છે. આ તમામને કોવિશીલ્ડ અને કોવેક્સિન અપાઈ છે. હાલમાં સરકાર દ્વારા ૧૮ વર્ષથી ઉપરના નાગરિકોને રસી આપવા માટે તડામાર તૈયારીઓ ચાલુ છે તે વચ્ચે રસી અંગે ચાલતી વિવિધ અફવાઓ ખોટી સાબિત થઈ છે. તે વેરીફાઈ કરવા માટે વોઈસ ઓફ ઘાટકોપર દ્વારા ઘાટકોપરના અમુક નાગરિકોના ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા હતા જેઓએ વેક્સિનનો પ્રથમ-બીજો ડોઝ લીધો હોવા છતાં કોરોના સંક્રમિત થયા હોય.




### વેક્સિનને લીધે રોગ પ્રતિકારક શક્તિમાં જબરદસ્ત વધારો થયો અને કોરોના વિરુદ્ધની લડાઈ સહેલી થઈ ગઈ



ઘાટકોપર વેસ્ટમાં રહેતા ભગવાનદાસ ત્રિવેદી (૭૩)એ વેક્સિનનો પ્રથમ ડોઝ ૬ માર્ચના લીધો હતો અને તેઓ ૨૯ માર્ચના સંક્રમિત થયા હતા. તેઓએ વોઈસ ઓફ ઘાટકોપરને જણાવ્યું કે મારી ઉમર વધુ હોવાથી તાવ અને છાતીમાં તકલીફના લક્ષણો દેખાતા મને તરત જ સપના હોસ્પિટલમાં એડમીટ કરવામાં આવ્યો હતો. મારી પુત્રી અર્ચના ઠક્કરએ એવો મત આપ્યો કે વધુ તકલીફ થાય તે પહેલા યોગ્ય ટ્રીટમેન્ટ મળવી જોઈએ. મને આઈસીયુમાં ચાર દિવસ ટ્રીટમેન્ટ લેવી પડી ત્યાર બાદ મને અશક્તિ લાગતી ન હતી અને ભૂખ પણ લાગતી ન હતી તેને લીધે નોર્મલ વોર્ડમાં શિફ્ટ કરવામાં આવેલ.

### વેક્સિનના બે ડોઝ પછી જ કોરોના સામે લડવાની પૂરતી શક્તિ નિર્માણ થાય છે.



ઘાટકોપર ઈસ્ટમાં નીલકંઠ વેલીમાં રહેતા ૫૫ વર્ષીય રાજેશ ઢીલાએ જણાવ્યું કે ૨૬ માર્ચના પ્રથમ ડોઝ લીધા પછી ૧૦ એપ્રિલના હું પોઝીટીવ આવ્યો હતો. વેક્સિનને લીધે તરત ફાયદો થતો નથી. એક ડોઝ બાદ ૫૦ ટકા ફરક પડ્યો હોય એવું લાગે અને એક રીતે મેન્ટલ રાહત મળે છે. વેક્સિનની મારા મતે દરેકને જુદી જુદી અસર થાય છે જે દરેકના શરીરની તાસી મુજબ હોઈ શકે. બધાને એક સરખી અસર થશે તેવું પણ નથી. હું કોરોના સંક્રમણથી ફક્ત ૫ દિવસમાં સાજો થયો છું પણ જરૂરી ૧૪ દિવસનો કોરન્ટાઈન પીરીયડ પૂર્ણ કર્યા બાદ જ ઘરની બહાર નીકળ્યો હતો.

### વેક્સિન ખૂબ જ અસરકારક છે તે ત્યારે જ ખબર પડે જ્યારે રોગપ્રતિકારક શક્તિની પ્રતિતી થાય.



ઘાટકોપર ઈસ્ટમાં ૬૦ ફૂટ રોડ પર આવેલ પરિમલ સોસાયટીના ૭૬ વર્ષીય પ્રવીણભાઈ થોરીયા સેક્રેટરી છે. વધુ લોકોના સંપર્કમાં આવતા હોવાથી તેમણે વેક્સિન લેવામાં મોડું કર્યું નહોતું અને ૯ માર્ચના વેક્સિન લીધી હતી અને તેઓ ૮ એપ્રિલના સંક્રમિત થયા હતા. તેઓએ જણાવ્યું કે હું સતત એક્ટિવ રહું છું અને સોસાયટીના વિવિધ કારણોસર વધુ લોકોના સંપર્કમાં આવતો હોઉં છું. જેને લીધે મામુલી લક્ષણો પણ દેખાતા મેં કોરોના ટેસ્ટ કરાવ્યો હતો. જેમાં પોઝીટીવ આવ્યો હતો. પણ મને સાજા થવામાં વધુ તકલીફ પડી ન હતી. જે વેક્સિનની અસર હોય તેવું લાગી રહ્યું છે. કોરોનામાં ઘણાં લોકોની રોગપ્રતિકારક શક્તિ ઘટી જતી હોય છે. પણ વધુ ઉંમરવાળા લોકોને પણ જલ્દી સાજા થવામાં સહાય મળી રહી છે. તે વધતી રોગપ્રતિકારક શક્તિની પ્રતિતી છે.

### વેક્સિનેશન થયું હોય તો પણ કોવિડના માઈલ્ડ લક્ષણો દેખાય તો પણ ટેસ્ટ કરાવી લેવી



વિદ્યાવિહાર વેસ્ટમાં રહેતા જીતેન શાહે વોઈસ ઓફ ઘાટકોપરને જણાવ્યું કે વેક્સિન લીધા બાદ કોરોનાના સંક્રમણનો ખતરો લગભગ ટળી ગયો છે. તેવો વિચાર રાખ્યો હતો. પણ માઈનર લક્ષણો દેખાતા પરિવારના ડોક્ટરનો સંપર્ક કરતા તેમણે તરત જ ટેસ્ટ કરવાની સલાહ આપી હતી. પરિણામે હું અને મારો પરિવાર પોઝિટીવ જાહેર થયા હતા. તરત જ ડોક્ટરની સલાહ મુજબ દવાઓ અને ટ્રીટમેન્ટ શરૂ કરી હતી. વેક્સિનની અસર શરૂ થઈ ગઈ હોય તેમ હું વગર કોઈ મુશ્કેલીનો સામનો કર્યા વગર સહેલાઈથી સાજો થઈ ગયો હતો. મારી સલાહ છે કે જે લોકોએ હજી સુધી વેક્સિન લીધી નથી તેમણે વહેલાસર વેક્સિન લેવી જોઈએ જેથી સંક્રમણ વિરુદ્ધ સાજા થવામાં સહાય મળે.

### વેક્સિન અસરકારક છે તે ત્યારે જ ખબર પડે જ્યારે તમારા તમામ રીપોર્ટસ તમારા ફેવરમાં આવે





ઘણા લોકો વેક્સિનની અસર અંગે પ્રશ્ન કરતા હોય છે પણ જ્યારે ઘાટકોપર વેસ્ટમાં રહેતા જાણીતા ઈવેન્ટ ઓર્ગેનાઈઝર હિરેનભાઈ મહેતાના ૭૨ વર્ષીય પિતા હરેશ મહેતા અને ૬૯ વર્ષીય માતા રંજન મહેતાને કોરોના સંક્રમણ થયું ત્યારે ડોક્ટરે તેમના રીપોર્ટસમાં સીટી વેલ્યુ મોડરેટ આવતા વેક્સિન અસર કરી ગઈ છે. એમ કહ્યું ત્યારે વધારે હાશકારો પરિવારે અનુભવ્યો હતો. વેક્સિનના પ્રથમ ડોઝ બાદ સંક્રમિત થયેલ દંપતિ ૧૦ દિવસમાં રીકવર થયા હતા. તેઓને ઘરે જ કોરન્ટાઈન કરી ટ્રીટમેન્ટ અને જરૂરી દવાઓ -ડીટોક્સ કાઢો સજેસ્ટ કરવામાં આવ્યો હતો જેને લીધે રીકવરી ફટાફટ થઈ હતી. એમ હિરેનભાઈ મહેતાએ વોઈસ ઓફ ઘાટકોપરને જણાવ્યું હતું.

ટૂંકમાં કહીએ તો યુવાનો માટે સરકાર વેક્સિનેશન શરૂ કરી રહી છે એટલે હવે ભારતમાં ૧૮ વર્ષથી ઉપરના તમામ નાગરિકોએ વેક્સિનેશન કરવું જરૂરી બન્યું છે. કોરોના રસીની અસર ચોક્સપણે થઈ રહી છે અને વધુને વધુ લોકો ફટાફટ સાજા થઈ રહ્યા છે. તેવું તબીબો અને ભારતના વૈજ્ઞાનિકો વારંવાર દાવો કરી રહ્યા છે જે નાગરિકોમાં હવે વેક્સિનેશન માટે વિશ્વાસ નિર્માણ કરી રહ્યો છે.

## કોવિડની દવાઓ અને ઈક્વિપમેન્ટ્સ પર એક વર્ષ જીએસટી માફ કરવાની વિનેશ મહેતાની માગણી



હાલમાં દેશભરમાં રોજે રોજ કોરોનાના હજારો કેસ બહાર આવી રહ્યા છે ત્યારે એની દવાઓ, ઓક્સિજન, વેન્ટિલેટર અને એને લગતાં અન્ય ઈક્વિપમેન્ટ્સ પર સરકારે એક વર્ષ સુધી જીએસટી માફ કરવો જોઈએ એવી અપીલ ફામના પ્રેસિડન્ટ વિનેશ મહેતાએ વડા પ્રધાન મોદી અને પીએમઓ ઓફિસને ટ્વીટ કરીને કરી છે. વિનેશ મહેતાએ આ સંદર્ભે અખબારી યાદીમાં કહ્યું હતું કે દેશભક્તિની કોઈ ફિલ્મ આવે તો સરકાર એને ટેક્સ-ફ્રી જાહેર કરે છે, જ્યારે આ તો કોવિડને લગતી દવાઓ અને સાધનોની વાત છે. આ દવાઓ અને ઈક્વિપમેન્ટ્સ પર 12થી લઈને 18 ટકા સુધીનો જીએસટી લાગે છે. જે કોઈ સદ્ધર લોકો હશે તેમને સારવારનો વાંધો નહીં આવે, પણ જે ગરીબ અને મધ્ય વર્ગ છે એમના માટે તો આ 12 થી 18 કે 20 ટકાનો તફાવત પણ બહુ મોટી રાહત આપી શકે એમ છે. અન્ય દવાઓ વિશે અમે કશું નથી કહેતાં, પણ હાલ કોરોનાને લગતી દવાઓ અને ઈક્વિપમેન્ટ્સ પર જીએસટીમાં રાહત મળે એ જરૂરી છે.

## ૯૦ ફુટ રોડ પર આવેલ જયબંધુ સોસાયટીનાં મીટર બોક્સમાં શોટસર્કિટને લીધે આગ લાગતા તમામ ૧૬ ફ્લેટ્સનાં દરવાજા બળીને ખાખ થઈ ગયા



ઘાટકોપર ઈસ્ટના ૯૦ ફુટ રોડ પર આવેલી જયબંધુ સોસાયટીની 'બી' વિંગમાં ગ્રાઉન્ડ ફ્લોર પરના મીટર બોક્સ માં શોર્ટ સર્કિટને લીધે તા. ૧૯ સોમવારે સવારે ૮.૫૦ વાગ્યે આગ ફાટી નીકળી હતી. જોકે નજદીકની કન્ટ્રક્શન સાઈટના યુવાન મજૂરોએ સાઈટ પરની રેતી-માટીનો ઉપયોગ કરીને આગને સમયસર નિયંત્રણમાં લઈ લેતાં મોટી જાનહાનિ અને માલહાનિ થતાં રહી ગઈ હતી.

આ બાબતની માહિતી આપતા આ વિસ્તારમાં ભારતીય જનતા પાર્ટીના ભૂતપૂર્વ નગરસેવક ફાલ્ગુની દવેએ જણાવ્યું કે 'જોરદાર ધડાકા સાથે મીટર-બોક્સમાં આગ લાગ્યા બાદ પળભરમાં જ આગની જવાળાઓ બીજા ફ્લોર સુધી પહોંચી ગઈ હતી. સોસાયટીના સભ્યોને આગના સમાચાર મળતાં જ સોસાયટીને ખાલી કરી નાખી હતી. સોસાયટીના રહેવાસીઓ મેદાનમાં આવી ગયા હતા. બધાએ ફાયર-બ્રિગેડને ફોન કર્યા બાદ અડધો કલાક ફાયર-બ્રિગેડ ઘટનાસ્થળે પહોંચી હતી. એટલો સમય રહેવાસીઓ પેનિક થઈ ગયા હતા.'

આ જ અરસામાં સોસાયટીમાં બાજુની એક કન્સ્ટ્રક્શન સાઈટ પરથી યુવાન મજૂરો આગ બુઝાવવા માટે રેતીમાટી લઈને દોડી ગયા હતા. આ બાબતની માહિતી આપતી જયબંધુ સોસાયટીના રહેવાસીએ જણાવ્યું. 'ઈલેક્ટ્રિક મીટરમાં આગ લાગી હોવાથી પાણીથી આગ બુઝાવવી અશક્ય હતી. આ સંજોગોમાં ફાલ્ગુની દવેએ સાઈટપરના કોન્ટ્રેક્ટરને આગ બુઝાવવા સુચિત કર્યા હતા. ફાયર-બ્રિગેડ પહોંચે એ પહેલાં જ આ મજૂરોએ આગને નિયંત્રણમાં લેવામાં સફળતા મેળવી હતી. જોકે આ દરમ્યાન સોસાયટીના ૧૬ ફ્લેટના બધા જ મેઈન દરવાજા બળીને ખાખ થઈ ગયા હતા.'

# મુંબઈમાં ઓક્સિજન પુરવઠો ચાલુ રાખવા ૬ નોડલ અધિકારી

## દરેકને ફાળે ૪ વોર્ડ અને ૬ ઓક્સિજનનો પુરવઠો કરનારા નિમાશે

કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી દર્દીઓ માટે ઓક્સિજન પુરવઠાની માગણી પણ વધી રહી છે. આ બાબત ધ્યાનમાં લેતા મુંબઈની હોસ્પિટલોમાં ઓક્સિજન પુરવઠા બાબતે યોગ્ય રીત અને સમયસર કાર્યવાહી થાય અ માટે મુંબઈ મહાપાલિકા તરફથી ૬ નોડલ અધિકારીઓની નિયુક્તી કરવામાં આવી છે. આ નોડલ અધિકારીઓ ઓક્સિજનનો પુરવઠો કરનારા, સહાયક આયુક્ત અને અન્ય તથા ઔષધ પ્રશાસન વચ્ચે સમન્વય રાખવાનું કામ કરશે.

અન્ન અને ઔષધ પ્રશાસન ખાતા પર વધેલો તાણ ધ્યાનમાં લેતા મુંબઈમાં ઓક્સિજન પુરવઠા સંદર્ભે સમન્વય રાખવા માટે મહાપાલિકા તરફથી ૬ અધિકારીઓની સમન્વય અધિરી તરીકે તાત્કાલીક નિયુક્તી કરવામાં આવી છે. મુંબઈના ૨૪ પ્રશાસકીય વોર્ડ માટે દરેકને ૪ વોર્ડ પ્રમાણે આ સમન્વય અધિકારી કામકાજ સંભાળશે. દરેકને ૪ વોર્ડમાં કુલ ૬ ઓક્સિજન પુરવઠો કરનારા નિમવામાં આવશે. મહાપાલિકાના સમન્વય અધિકારીઓ અન્ન અને ઔષધ પ્રશાસન, વોર્ડના સહાયક આયુક્ત અને ઓક્સિજન પુરવઠો કરનારા વચ્ચે સમન્વય સાધીને ઓક્સિજન પુરવઠો યોગ્ય રીતે અને સમયસર ઉપલબ્ધ થતો રહે એનું ધ્યાન રાખશે.

ખાસ કરીને ૬૪ નર્સિંગ હોમમાં કોઈ અડચણ ન ઉદભવે એના માટે સમન્વય સાધશે. ઉપલબ્ધ ઓક્સિજનનો યોગ્ય અને કરકસરથી ઉપયોકરવા માટે કેન્દ્ર સરકાર તરફથી આપેલી માર્ગદર્શક સૂચનાઓ પર અમલ કરવા બાબતે આ ૬૪ નર્સિંગ હોમને સૂચના આપીને પ્રશિક્ષિત કરવાની કાર્યવાહી મહાપાલિકાના સંચાલક કરશે.

**વધુ ઓક્સિજનની માગણી**

મુંબઈ મહાપાલિકા ક્ષેત્રમાં મહાપાલિકા, સરકારી અને ખાનગી એમ કુલ ૧૫૦ કોવિડ હોસ્પિટલો છે. આ હોસ્પિટલોમાં ૨૦,૦૦૦ બેડ છે અને આગામી અઠવાડિયે એમાં ૨૦૦૦ નો વધારો થશે. છેલ્લા પંદર દિવસમાં મુંબઈમાં દરરોજ ૮૦૦૦ થી ૧૦,૦૦૦ કોવિડ દર્દીઓનો ઉમેરો થાય છે. આગામી પંદર દિવસ મહત્વના છે. દર્દીઓની વધેલી સંખ્યા અને તેમના માટે જરૂરી ઓક્સિજન જોતા પુરવઠાની વ્યવસ્થા સરળતાથી ચાલુ રહે એ જરૂરી છે. મુંબઈની હોસ્પિટલોને અત્યારે ૨૩૫ મેટ્રિક ટન ઓક્સિજનનો પુરવઠો થાય છે. દર્દીઓની વધતી સંખ્યા જોતા વધુ પુરવઠાની માગ સરકાર પાસે કરી છે.

# વાહનો પર કલર કોડથી ટ્રાફિક જામમાં રાહત મળશે તેવી પોલીસને આશા

લોકડાઉન છતાં જે રીતે રસ્તાઓ પર ગીર્દી તેમજ વાહનોને કારણે થતાં ટ્રાફિક જામને પગલે જેમને લોકડાઉનમાં છૂટ મળી છે. તે લોકો માટે મુંબઈ પોલીસએ ત્રણ પ્રકારના કલર કોડ આપ્યા છે. જે મુજબ જ આવાં વાહનો રસ્તા પર નીકળી શકશે.

લાલરંગનું સ્ટીકર : વાહન પર સ્ટીકર માત્ર ડોક્ટર અને મેડીકલ સ્ટાફ લગાવી શકશે.

લીલારંગનું સ્ટીકર : આ સ્ટીકર માત્ર ને માત્ર ફળ અને શાકભાજીના વિક્રેતા લગાડી શકશે.

પીળારંગનું સ્ટીકર : આ સ્ટીકર એ લોકો લાગાડી શકશે. જેઓ અતિ આવશ્યક સેવાઓ પૂરી પાડતા હોય.

દરેક વ્યક્તિએ પોતાની કેટેગરી અનુસાર આ સ્ટીકર લગાડવાનું રહેશે જેના આધારે પોલીસ વિભાગ તમારા વાહનને ઓળખી લેશે. જો કોઈ વ્યક્તિ આ સંદર્ભ ખોટું સ્ટીકર લગાડશે તો તેની વિરૂદ્ધ કાર્યવાહી થશે.

# ગુજરાતી મહિલાને બનાવટી રેમડેસિવીર ઈન્જેક્શન આપી 18000 રૂપિયા પડાવી લેવાયા

ચેમ્બુરના સહકાર સિનેમાં પાસેના તિલકનગરના બિલ્ડીંગ નંબર 26માં રહેતી 26 વર્ષની મેઘના હિતેશ ઠક્કરને રેમડેસિવીર ઈન્જેક્શન આપવાનું કહી તેને બનાવટી રેમડેસિવીર આપી તેની પાસેથી 18000 રૂપિયા પડાવી લેવાયાની ફરિયાદ તિલકનગર પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. ચેમ્બુર પોલીસના જણાવ્યા મુજબ સોમવારે આ ઘટના બની હતી. મેઘનાને આરોપી રૂપેશ ગુપ્કાએ રેમડેસિવીર ઈન્જેક્શન આપવાનું કહ્યું હતું. તેણે ત્યાર બાદ એક ડિલિવરી બોયને મોકલાવી એ ઈન્જેક્શન મગાવ્યું હતું. એથી મેઘના ઠક્કરે તેને તેના મિત્ર ચેતન મિસ્ત્રીના ગૂગલ પે દ્વારા 18000 રૂપિયા ચૂકવ્યા હતા. જોકે એ ઈન્જેક્શન બનાવટી હોવાનું જણાઈ આવ્યા બાદ એ સંદર્ભે તિલકનગર પોલીસ-સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. તિલકનગર પોલીસે હાલ રૂપેશ ગુપ્તા અને અજાણ્યા ડિલિવરી બોય સામે છેતરપિંડીનો ગુનો નોંધીને તેમની શોધ ચાલુ કરી છે.

# છ મહિનામાં જાહેરમાં થૂંકવા માટે એન વોર્ડમાંથી રૂ.71300નો દંડ વસૂલ

## કોરોના સહિત બીમારી ફેલાવનાર વિરૂદ્ધ ઝુંબેશ, એલ, એ, સીવોર્ડમાં સૌથીવધુ નાગરિકો જાહેરમાં થૂંકતાં પકડાયા

જાહેરમાં થૂંકવાથી કોરોના, ટીબી સહિતની અનેક બીમારીઓ ફેલાય છે તેની જાણ હોવા છતાં કેટલાક બેદરકાર લોકો અન્યોના જીવ જોખમમાં મૂકી રહ્યાં છે. મહાપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા આવા લોકો સામે દંડાત્મક કાર્યવાહીને વધુ આક્રમક બનાવવામાં આવી છે. આના જ ભાગરૂપે છેલ્લા છ મહિનામાં 12,000થી વધુ લોકો પાસેથી રૂ. 24,89,100 દંડ વસૂલ કરવામાં આવ્યો છે. કોરોના સહિતની બીમારીઓ મુંબઈમાં ચિંતાજનક રીતે ફેલાઈ રહી છે ત્યારે આવી બીમારીઓ ફેલાવા માટેનું એક કારણ જાહેરમાં થૂંકવું તે પણ છે, જેનાથી ચેપ ફેલાય છે. આમ છતાં બેદરકાર લોકો જાહેરમાં બિન્ધાસ્ત થૂંકતાં ઠેર ઠેર જોવા મળે છે. આ અંગે મહાપાલિકાની કાર્યવાહી ઢીલી પડતાં થોડા સમય પૂર્વે મુંબઈ હાઈ કોર્ટમાં જાહેર હિત અરજી કરવામાં આવી હતી. કોર્ટે ગંભીર નોંધ લેતાં જાહેરમાં થૂંકનારા સામે કાર્યવાહી વધુ તીવ્ર બનાવવા સાથે પ્રભાવશાળી જનજાગૃતિ ઝુંબેશ હાથ ધરવાનો પણ આદેશ આપ્યો હતો, જેને લઈ મહાપાલિકા દ્વારા હવે થૂંકનાર સામે પણ કાર્યવાહી આક્રમક બનાવવામાં આવી છે.

મુંબઈ મહાનગરપાલિકા અધિનિયમ 1888માં કલમ 461 અંતર્ગત બૃહદમુંબઈ સ્વચ્છતા અને આરોગ્ય ઉપવિધિ 2006 તૈયાર કરવામાં આવી છે. આ નિયમોની વધુ પ્રભાવશાળી રીતે અમલબજાવણી માટે ઉપવિધિ ક્રમાંક 4.5 અનુસાર જાહેરમાં થૂંકનાર પાસેથી રૂ. 200 દંડ વસૂલ કરે છે. આ અંતર્ગત સૌથી વધુ દંડ વસૂલી કુર્લા વિસ્તારમાંથી કરવામાં આવી છે, જે પછી એ અને સી વોર્ડનો સમાવેશ થાય છે.

છેલ્લા છ મહિનામાં વોર્ડ દીઠ એકઠી કરાયેલી દંડની રકમ

| | |
|---|---|
| એ વોર્ડ | રૂ. 3,29,800 |
| બી વોર્ડ | રૂ. 1.31 લાખ |
| સી વોર્ડ | રૂ. 2,34,800 |
| ડી વોર્ડ | રૂ. 66,400 |
| ઈ વોર્ડ | રૂ. 20,000 |
| એફ સાઉથ | રૂ. 2,17,400 |
| એફ નોર્થ વોર્ડ | રૂ. 50,600 |
| જી સાઉથ વોર્ડ | રૂ. 26,00 |
| જી નોર્થ | રૂ. 25,900 |
| એચ ઈસ્ટ વોર્ડ | રૂ. 1,71,400 |
| એચ વેસ્ટ વોર્ડ | રૂ. 25,800 |
| કે ઈસ્ટ વોર્ડ | રૂ. 27,000 |
| કે વેસ્ટ વોર્ડ | રૂ. 95,600 |
| પી સાઉથ વોર્ડ | રૂ. 69,800 |
| પી નોર્થ વોર્ડ | રૂ. 1,79,200 |
| આર સાઉથ વોર્ડ | રૂ. 33,500 |
| આર સેન્ટ્રલ વોર્ડ | રૂ. 43,800 |
| આર નોર્થ વોર્ડ | રૂ. 94,800 |
| એલ વોર્ડ વોર્ડ | રૂ. 3,52,600 |
| એમ ઈસ્ટ વોર્ડ | રૂ. 19 ,200 |
| એમ વેસ્ટ વોર્ડ | રૂ, 1,01,200 |
| એન વોર્ડ વોર્ડ | રૂ. 71,300 |
| એસ વોર્ડ વોર્ડ | રૂ, 90,400 |
| ટી વોર્ડ વોર્ડ | રૂ. 11,600 |


રાજવિચાર

આ દુનિયામાં સુખી થવું હોય તો આટલું કરવું, પ્રેમ અને પૈસાનું કદી પ્રદર્શન ન કરવું.



સમાજસેવક

રાજેશ ઠક્કર

NUT BOLT Centre

Avishkar™ EVENTS

* All Kinds Of Entertainment Events *
* Celebrity Artists Coordinator *

• Sangeet Sandhya • Lagnageet • Dandiya Raas
• Prarthana Sabha • Instrumental • Birthday Party
• Karaoke Singers (Track) • International Artists
• Playback & Celebrity Singers • Film Star Appearance
• Corporate Events • DJ / New Year Events
• All Kinds Of Entertainment Events

Its Your One Stop Destination.
"For All Events Under One Roof"

Sukesh Shah : +91-9819840737 / 8850093253
Deepa Shah : +91-9819113190 / 8850091766

મહાબળેશ્વર
જમવાનું, ફરવાનું, રહેવાનું, જવાનું, આવવાનું...
કાર દ્વારા
3 Days 2 Nights
4995/-
Per person
Jainam Tours
9819669108 / 9967901008

હરિદ્વારમાં

શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન 23-6-2021 થી 3-7-2021 8001/-, રીટર્ન ટીકીટ, રહેવા જમવા સાથે, ચારધામ યાત્રા 18000/-, હરિદ્વાર, પોથી સેવા 7501/-, બ્રહ્મભોજન 11001, આજે જ નામ નોંધાવો.

9870122631, 8169507910
જીજ્ઞેશ લાખાણી
જગદીશ લાખાણી 9221052740

# ભગવાન રામ સતયુગ લાવનાર એક ઉત્તમોત્તમ પ્રતિનિધિ છે

ચંદ્રેશ પારેખની કલમે....



ભગવાન રામ સતયુગ લાવનાર એક ઉત્તમોત્તમ પ્રતિનિધિ છે. એમને ખબર પડી કે, હવે વનમાં જવાનું છે ત્યારે દશરથને કહે છે, “તમે શા માટે મુંઝાવ છો ? જો તમે વચન નહીં પાળો તો દુનિયામાં કોણ પાળશે ? તમે બે વચન આપ્યાં છે. તે વાત સાચી અને મારી મા બેઉ વચન માગે છે. આમાં સાચું શું કે ખોટું શું ? એ નિર્ણય કરવાનો મને કે તમને હક્ક નથી. મારી માતાને તમે કહ્યું હતું, તું માગીશ તે હું આપીશ. તમે તેને એવું તો નહોતું કહ્યું ને કે, તું સારું માગીશ તો જ આપીશ ? તો પછી તે જે માગે તે આપવા તમે બંધાયેલા છો. તમે ન આપો તો પણ હું તો આપવા બંધાયેલો છું, કારણ ! પિતાનું ઋણ દીકરાએ ચૂકવવું જ જોઈએ.”

રામજી જયારે વનમાં જવા તૈયાર થયા ત્યારે માતા કૌશલ્યા તેમને વારે છે. પિતા દશરથ તો કહે છે, “તું વનમાં જઈશ તો હું મરી જઈશ,” અને મૃત્યુ પણ પામે છે. રામચન્દ્રજીએ તેમનું કહ્યું માન્યું નથી. હાનિ, લાભ, જશ, અપજશ, મરણ અને જીવન વિધિના હાથમાં છે. એ આપણા હાથમાં નથી. પરંતુ વચન અને તેનું પાલન એનો નિર્ણય તો મારા હાથમાં છે. ક્ષત્રિયનો દીકરો ક્યારેય એમ કહે ? હું બહારવટિયા સામે જાઉં તો ખરો પણ ગેરંટી આપો કે મારું મૃત્યુ નહીં થાય. આનો અર્થ એ થયો કે તે ક્ષત્રિય ધર્મ સમજતો નથી. દરેકે દરેકને પોતાનો ધર્મ છે. તે ધર્મ તમે જે સ્થિતિ સ્વીકારો છો તેમાંથી ઊભો થાય છે. એ તમે ન સ્વીકારો તો તમારો ધર્મ ઊભો થતો જ નથી. દશરથ જયારે કહે છે, હું મરી જઈશ. તો રામજી વિચારે છે, “જીવન મરણ વિધિનાં હાથમાં છે, પણ વચનપાલન મારા હાથમાં છે.”



ભગવાન રામનો બંધુ પ્રેમ દિવ્ય છે, માતૃ-પિતૃ ભક્તિ અલૌકિક છે. ઋષિ વાલ્મીકિ રામાયણમાં લખે છે, રામ જયારે વનમાં જતી વખતે કૈકેયીને પગે લાગે છે ત્યારે કહે છે, મા ! તારો મારા તરફ પક્ષપાત છે, ભરત કરતાં તારો પ્રેમ મારામાં વિશેષ છે. વનમાં ઋષિ-મુનીઓનો મને સત્સંગ થાય માટે તમે મને વનવાસ આપ્યો છે. તારી ભાવના મારું કલ્યાણ થાય તેવી છે. ચંપુ રામાયણમાં કવિએ આ વાત સ્હેજ જુદી રીતે પણ સુંદર રીતે કરી છે કે મા ! તમે તો વનમાં જવાની મને આજ્ઞા કરી, મને માત્ર મારી જાતનું રક્ષણ કરવાનું સોંપ્યું પણ તમારા પોતાના દીકરાના માથે તમે આખી પૃથ્વી સાચવવાની જવાબદારી સોંપી. હું જયારે વિચાર કરુ છું કે એ બેમાં સહેલું કામ કયું છે ? ત્યારે મને લાગે છે કે હે માતા! તેં મારા તરફ વધારે પક્ષપાત કર્યો છે. તારા દીકરાને તેં અઘરું કામ સોંપ્યું છે અને મને સાવ સહેલું કામ સોંપ્યું છે. ચિત્રકૂટમાં મળવા ગયેલા ભરત અને શત્રુઘ્ન બન્નેને વિદાય સમયે એકાંતમાં ભગવાન રામ શિખામણ આપે છે, “તમને લાગે છે માતા કૈકેયીએ તમારું અપ્રિય કર્યું છે, પણ તેના મનમાં તો તમારું પ્રિય કરવાનું જ હતું. એટલે મારા તથા સીતાના સોગંદ આપીને આજ્ઞા આપું છું કે તમારે તેની સાથેનો વ્યવહાર તેને દુખ ન થાય તેવો જ રાખવાનો છે.” ભગવાન આ બધું વિધિ નિર્માણ હતું એમ સમજાવે છે. ભરતને મન માતા કુટિલ છે, પરંતુ ભગવાન રામને મન તે કુટિલ નથી. ભગવાન જયારે વનવાસથી પાછા આવે છે ત્યારે માતા કૌશલ્યાને જેટલા ભાવથી પગે લાગે છે, તેટલા જ ભાવથી માતા કૈકેયીને પગે લાગે છે.

આ બધું જ્ઞાન તારી પ્રસાદીને કારણે મળ્યું છે

રામાયણ પ્રમાણે રામ કહે છે, “હે માતા! તારી કૃપાથી મને કેટલું બધું જાણવા મળ્યું ? બાપનું દીકરા પર કેટલું વહાલ હોય તેની કલ્પના હું અયોધ્યામાં હોત તો ન કરી શકત. ભરત જેવો ભાઈ, જેના હ્રદયમાં મારા પ્રત્યે અપાર અને અગાધ પ્રેમ છે તેની ખબર મને કેમ પડત મા! લક્ષ્મણની ભક્તિ જેણે ચૌદ વર્ષમાં એકપણ દિવસ નિદ્રા નથી લીધી. તેની ભક્તિ મને કેવી રીતે જાણવા મળત ? સીતાનું સત શું છે તેની ખબર દુનિયાને ક્યાંથી પડત? રાવણ સાથે યુદ્ધ થયું ત્યારે મને મારી તાકાત કેટલી છે તેની ખબર પડી. હનુમાન અને સુગ્રીવ જેવાની મૈત્રીની ખબર મને ક્યાંથી પડત મા! હે મા! આ બધું જ્ઞાન તારી પ્રસાદીને કારણે મળ્યું છે.” આ બધું સાંભળીને કૈકેયી લોઢાની હોયને, તોય ઓગળી જાય.

રામનો સ્નેહ ભરત પ્રત્યે કેવો છે ? રામને રાવણ વધ પછી જેટલી ચિંતા સીતાજીની નથી તેટલી ચિંતા ભરતની છે. હનુમાનજીને તુરત અયોધ્યા જવાનું કહે છે, “તું જલદી જઈ ભરતને ખબર આપ, કારણ કે ૧૪ વર્ષ ઉપર એક દિવસ થશે તો મારો ભરત પ્રાણ કાઢી નાખશે.”






# સત્કર્મ પ્રવર્તક શ્રી સ્વામિનારાયણ ભગવાન

ઉત્તમ આચાર માટે માત્ર ઉમદા વિચાર આપ્યા કરવા એ માત્ર યુગપુરુષનું લક્ષણ નથી તે વિચારોનું મનોભૂમિમાં વાવેતર કરી ઉત્તમ ચારિત્ર્યનો પાક જે વધુ લણી શકે તે ખરા અર્થમાં યુગપુરુષ કહેવાય છે. શ્રી સ્વામિનારાયણ ભગવાન આવા યુગપુરુષ છે. શ્રી સ્વામિનારાયણ ભગવાને અનેકના જીવન ઘડયા છે તો સાથે સાથે મંદિરો, શાસ્ત્રો અને સાહિત્યનું વિપુલ પ્રમાણમાં સર્જન કર્યું છે અને ભારતીય સંસ્કૃતિના વિકાસમાં મહત્તમ પ્રદાન આપેલું છે.

અયોધ્યા પાસે આવેલા છપૈયા ગામમાં ધર્મદેવ અને ભકિત માતાની કૂખે સંવત ૧૮૩૭ના ચૈત્ર સુદ ૯ને સોમવાર ૩ એપ્રિલ ૧૭૮૧ની રાત્રિએ ૧૦ વાગીને ૧૦ મિનિટે શ્રી સ્વામિનારાયણ ભગવાનનો જન્મ થયો. વળી યોગાનુયોગે તે દિવસે રામનવમી પણ હતી. આથી આ દિવસને સ્વામિનારાયણ સંપ્રદાયના લોકો સ્વામિનારાયણ જયંતી તરીકે પણ ઉજવે છે. તેમનું બાળપણમાં નામ ઘનશ્યામ પાડવામાં આવ્યું. તેમને બે ભાઈઓ હતા, જેમાં મોટાભાઈનું નામ રામપ્રતાપ પાડે અને નાનાભાઈનું નામ ઇચ્છારામ પાડે હતું.તેમણે સાત વર્ષની ઉમરે હિન્દુ ધર્મના ગ્રંથોનો અભ્યાસ કરી તેમાં પારંગત થયા હતા. અને ગૃહત્યાગ કરી વનમાં અને આખા ભારતનાં તીર્થોમાં આશરે ૧૨૦૦૦ કિ.મી.નું પગપાળા વિચરણ કર્યું અને પીપલાણા મુકામે રામાનંદ સ્વામી પાસેથી વિ.સં ૧૮૫૭ની કારતક સુદ અગિયારસને ૨૮ ઓક્ટોબર ૧૮૦૦ના રોજ તેમણે દીક્ષા લીધી.રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામી અને નારાયણમુનિ એમ બે નામ પાડયાં. રામાનંદ સ્વામીએ ઉદ્ધવ સંપ્રદાયની ગાદી તેમને સોંપી. તેમણે અનુયાયીઓને સ્વામિનારાયણ મંત્ર આપ્યો અને ભગવાન સ્વામિનારાયણ તરીકે પ્રસિદ્ધ થયા. આમ ઉદ્ધવ સંપ્રદાયમાંથી સ્વામિનારાયણ સંપ્રદાય બન્યો.ભગવાન



શ્રી સ્વામિનારાયણે શુદ્ધ ઉપાસના જળવાઈ રહે અને મોક્ષનો માર્ગ અવિરત ચાલુ રહે તે હેતુથી મંદિરોના નિર્માણ કરાવ્યા અને સમગ્ર સંપ્રદાયની વહીવટી સરળતા રહે તે હેતુથી ભારતના કલકતાથી દ્વારકા સુધીના ઉત્તર અને દક્ષિણ વિભાગ કરી અમદાવાદ ઉત્તર વિભાગ શ્રી નરનારાયણ દેવ ગાદી અને વડતાલ દક્ષિણ વિભાગ શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદીની સ્થાપના કરી.પોતાના બે ભત્રીજાને દત્તક લઈ શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને અમદાવાદ ગાદીના આચાર્ય તરીકે અને શ્રી રઘુવીરજી મહારાજને વડતાલ ગાદીના આચાર્ય તરીકે નિમણુંક કરી. વડતાલને સંપ્રદાયનું મુખ્ય કેન્દ્ર બનાવ્યું.શિક્ષાપત્રી અને દેશવિભાગના લેખની રચના કરી આશ્રિતો માટે વર્તવાના નિયમો આપ્યા. વડતાલ ગાદીની આચાર્ય પરંપરાના નેતૃત્વ હેઠળ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય ધીરે ધીરે ભારત સહિત દેશ-વિદેશમાં સતત પ્રગતિ કરતો રહ્યો છે. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનુ સર્વોચ્ચ તીથધામ વડતાલ, જ્યાં ભગવાન શ્રી સ્વામિનારાયણે સર્વજીવહિતાવહ શિક્ષાપત્રી સ્વહસ્તે લખી અને વડતાલને શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું મુખ્ય ગાદી સ્થાન બનાવ્યુ. અહી મંદિરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે નિજસ્વરૂપ શ્રી હરિકૃષ્ણ મહારાજની સ્થાપના કરી સાથે શ્રી લક્ષ્મીનારાયણદેવ, શ્રી રણછોડરાયજી, શ્રીરાધાકૃષ્ણદેવ, અને શ્રી વાસુદેવનારાયણ સહિત ધર્મપિતા-ભક્તિ માતા ને પધરાવ્યા. દરરોજ હજારો શ્રદ્ધાળુઓ અહી દર્શનાર્થે આવે છે

# નાળાની સફાઈ અને માર્ગ-સમારકામ સહિતનાં અન્ય કાર્યો માટેતંત્રની સજ્જતાની મુખ્ય પ્રધાને કરી સમીક્ષાઃ ચોમાસાની પૂર્વ તૈયારીઓ ૩૧ મે પહેલા પૂર્ણ કરવાનુંપાલિકાને સૂચન

મુંબઈ મહાનગરપાલિકાએ કોરોના પર નિયંત્રણની પડકારરૂપ કામગીરી વચ્ચે હવે ચોમાસામાં શહેરમાં જળબંબાકાર, નાળાંની ગંદકી, રસ્તાના સમારકામ વગેરે જેવી કામગીરીઓની પણ પડકારરૂપ જવાબદારી પાર પાડવાની રહેશે. ચોમાસું હવે બે મહિના દૂર છે. એ તબક્કે વષાઋતુ પહેલાંની તૈયારીઓની સમીક્ષા મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ કરી હતી. મુખ્ય પ્રધાને ચોમાસામાં જળબંબાકાર ન થાય અને પાણી ભરાય તો એના નિકાલની તેમ જ રસ્તા પર ખાડા ન પડે એની તકેદારી રાખવા જેવી તમામ કામગીરીઓ ૩૧ મે સુધીમાં પૂરી કરવાની મુદત મહાનગરપાલિકાના તંત્રને આપી છે.

મુખ્ય પ્રધાનની સમીક્ષા બેઠકમાં પર્યાવરણ, પર્યટન, શિષ્ટાચાર અને મુંબઈ ઉપનગર ક્ષેત્રના પાલક પ્રધાન આદિત્ય ઠાકરેએ જણાવ્યું હતું કે કોસ્ટલ રોડ અને મેટ્રો રેલવેનું કામ ચાલતું હોવાથી એ વિસ્તારોમાં પાણી ન ભરાય એની કાળજી રાખવાની રહેશે. બેઠકમાં મુંબઈ મહાનગરપાલિકાના કમિશનર ઇકબાલ સિંહ ચહલે ૨૦૨૦ના ચોમાસામાં સરેરાશ કરતાં ૬૪ ટકા વધારે વરસાદ પડ્યો હોવાનું જણાવતાં નાળાંસફાઈની તથા અન્ય કામોની વિગતો આપી હતી. મધ્ય મુંબઈના હિંદમાતા અને ગાંધી માર્કેટ સહિત શહેરના નીચાણવાળા વિસ્તારોમાં હંમેશની માફક પાણી ભરાયું હોવાનું જણાવતાં મુંબઈ મહાનગરપાલિકાના અધિકારીઓએ ઉમેર્યું હતું કે કેટલાંક વર્ષોથી પાણી ભરાયા પછી તેનો નિકાલ પણ ઝડપથી થાય છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે હિંદમાતા અને ગાંધી માર્કેટ ખાતે . ભૂગર્ભ ટાંકીઓ બનાવી હોવાથી એ ક્ષેત્રમાં ભરાતું પાણી એ ભૂગર્ભ ટાંકીઓમાં ઊતરી જશે. નીચાણવાળા વિસ્તારોમાં ભરાતા પાણીના નિકાલ માટે ૪૭૦ પમ્પ્સની અને ૪૦૬ ઠેકાણે રેઇન વૉટર હાર્વેસ્ટિંગની વ્યવસ્થા હોવાનું પાલિકાના અધિકારીઓએ જણાવ્યું હતું.

# અહો આશ્ચર્યમ !! ઘાટકોપરના દંપતીએ રસીનો બીજો ડોઝ લીધો નહોતો ત્યાં અભિનંદન આપતો મેસેજ અને સર્ટિફિકેટ પણ આવી ગયાં

ઘાટકોપરમાં ૬૫થી ઉંમરના વિઠ્ઠલ નાઈક અને સરસ્વતી નાઈક નામે દંપતી સાથે એવી ઘટના બની છે કે પ્રથમ ડોઝ લીધા પછી વેક્સીનના બીજા ડોઝ લીધા પૂર્વે જ અભિનંદનનો મેસેજ અને સર્ટિફિકેટ આવી ગયા હતા. બંને ઘાટકોપરમાં ચાલીમાં ૧૦ બાય ૧૦ના રૂમમાં રહે છે. જ્યાં ગીચ વસ્તી છે. આવા સંજોગોમાં કોરોના લાગુ થવાનો ભય હોવાથી તેઓ ઘરની બહાર નીકળવાનું ટાળે છે. આથી દંપતીએ પુત્રને રસી અપાવવાનો આગ્રહ કર્યો હતો.

રાજાવાડી હોસ્પિટલમાં વેક્સીન વગર જ સર્ટિફિકેટ મળતું હોવાના સમાચારો વહેતા થતા મુંબઈના મેયર કિશોરી પેડણેકર રાજાવાડી હોસ્પિટલના ડીન વિદ્યા ઠાકુર અને અન્ય સંબંધીત અધિકારીઓને મળવા પહોંચી ગયા હતા અને આ અંગે ખુલાશો માંગ્યો હતો. જોકે રાજાવાડી હોસ્પિટલના સ્ટાફે આમાં તેમની કોઈ જ ભૂલ ન હોવાનું જણાવ્યું હતું. આ મુજબ તેમણે પ્રથમ રસી લીધા પછી બીજો ડોઝ લીધો નહોતો ત્યાં અભિનંદન આપતો મેસેજ અને સર્ટિફિકેટ આવી જતાં તે આશ્ચર્યમાં મુકાઈ ગયાં હતાં.

વાસ્તવમાં પ્રથમ રસી લીધા પછી બીજો ડોઝ ક્યારે લેવાનો અને રસીકરણ પછી શું ધ્યાન રાખવાનું તેની માહિતી રસી આપનારા કર્મચારીઓએ સંબંધિતોને આપવાનાં બંધનકારક છે. ઉપરાંત રસીકરણ પછી કોઈ ત્રાસ નહીં થાય તે માટે દવા પણ આપવામાં આવે છે. જોકે મહાપાલિકાની રાજાવાડી હોસ્પિટલના રસીકરણ કેન્દ્રમાં આવું કશું જ કહેવામાં આવ્યું નહીં, એમ દંપતીનું કહેવું છે.

આ દંપતીએ ૧૨ માર્ચે કોવિશિલ્ડનો પ્રથમ ડોઝ લીધો હતો. બીજો ડોઝ ૨૮ દિવસે લેવાનો હતો, જે હવે ૪૫ દિવસ કરવામાં આવ્યા છે. જોકે તે પૂર્વે જ બીજો ડોઝ લીધાનું વિધિસર સર્ટિફિકેટ તેમને આવી ગયું છે. તેઓ રાજાવાડી હોસ્પિટલમાં જતાં બીજો ડોઝ નહીં અપાશે એમ જણાવવામાં આવ્યું. કોવિન એપ, હોસ્પિટલ, વોર્ડ ઓફિસમાં તેમણે ફરિયાદ કરી પરંતુ કોઈ જવાબ આવ્યો નથી. આને કારણે નાઈક દંપતી પરેશાન છે.




# સમય અને સત્તાનો સદુપયોગ દરેક સ્થાને અત્યંત જરૂરી બન્યો છે

કોરોનાની અસર પ્રાથમિક સ્તરે છ મહિને ઓસરી જશે તેવું વર્ષ ૨૦૨૦માં લાગી રહ્યું હતું. પણ સમય વિતતા વિતતા ૧ વર્ષ પૂર્ણ થયું અને ગત વર્ષે આપણે જે પરિસ્થિતીમાં હતા તે જ પરિસ્થિતીમાં અથવા કહીએ તો તેનાથી વધુ વિપરીત સંજોગોમાં ફસાઈ ગયા હોઈએ તેવું લાગી રહ્યું છે. ગયા વર્ષે ફક્ત ૫૦૦ કેસમાં ભારત જેવા ૧૩૦ કરોડની વસ્તી ધરાવતા દેશને લોકડાઉનનો આકરો સમય ભોગવવો પડ્યો હતો. ત્યારે આજે દિવસે ૩ લાખથી વધુ કેસ મળી રહ્યા હોવા છતાં લોકડાઉનને છેલ્લો ઉપાય તરીકે વાપરવાની વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સલાહ ઘણા બુદ્ધિજીવીઓને ગમી નથી. તેના ઘણા કારણો પણ છે. જે સમયે ગયે વખતે લોકડાઉન જાહેર કરાયું તે સમયે સત્તાનો ભરપુર ઉપયોગ કરી કેન્દ્ર સરકાર ભારતને કોરોનાની ભઠ્ઠીમાં જતા લગભગ અટકાવી દીધા હતા. સમય જતા વાર લાગતી નથી. વ્યાપાર, ઉદ્યોગ, ધંધા પેરેલાઈઝ થાય તે પહેલા તેને ધબકતા કરવા સમયની માંગ હતી. ઈકોનોમીને ફરી પાટે ચડાવવી આવશ્યક હતી. પણ દરેક સ્તરે ભારત બેઠું થવાના પ્રયત્ન કરી રહ્યું હતું ત્યારે સત્તાધારી પક્ષની સરકારોએ કોરોનાની પ્રથમ લહેર હવે ઓસરી છે તો બીજી લહેર પણ આવી શકે છે તેવી તમામ ગણતરીઓ લગભગ અવગણી છે. સામાન્ય જનતામાં કોરોના સંબંધી પ્રાથમિક ગાઈડલાઈન્સ સમજાવવામાં, તેની સાથે લોકોને જીવતા શીખવવામાં દરેક સરકારોએ ખૂબ મહેનત કરી છે. તે છતાં હજુ પણ સોશ્યલ મીડીયા સહિત દરેક માધ્યમોના સહારે માસ્ક પહેરો, સેનેટાઇઝ કરો અને સોશ્યલ ડીસ્ટન્સીંગ પાળો તેવું વારંવાર જણાવવામાં આવે છે. ગત વર્ષે લોકડાઉનમાં ૬ મહિના જેટલો ગાળો લોકોએ ઘરમાં રહીને વિતાવ્યો હશે. સમય જતા ઘણી બધી વસ્તુઓની આદત પડી જતી હોય છે. પણ આપણને કોરોનાને હરાવવા માટે માસ્ક જેવી સારી આદતોની આદત હંમેશા માટે જળવાશે તે કહેવું આજે પણ મુશ્કેલ છે.

ભારતના વૈજ્ઞાનિકોએ વિકસાવેલી વેક્સિન કોરોના વિરુદ્ધ જડીબુટ્ટી સમાન સાબિત થઈ છે. પણ લોકોમાં હજી તે સમજ નિર્માણ કરવાની છે કે વેક્સિન દવા નથી અને દવા આવે ત્યાં સુધી વેક્સિન અને માસ્ક જ દવા છે. આ વસ્તુ જેટલી જલ્દી લોકોને સમજાશે તેટલું કોરોના સામેની લડાઈમાં લડવું સહેલું બનશે. એક સમયે જાન હૈ તો જહાન હૈ... અને ત્યાર બાદ જાન ભી ઔર જહાન ભી... આ તમામ નારાઓ વચ્ચે વર્ષ ૨૦૨૧માં સમય જતા સત્તાનો સદુપયોગ કરી મહારાષ્ટ્રમાં મહાવિકાસ આઘાડીની સરકાર ઘણા મુદ્દાઓ પર એક તાંતણે નિર્ણય લેતી દેખાઈ રહી ન હોવાથી મહારાષ્ટ્રના લોકો ઘણી મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. આગામી સમયમાં ભારતની અને ખાસ કરીને મુંબઈ જેવા શહેરની મહત્વની કડી એટલે યુવા પેઢીને વેક્સિન આપવાનું શરૂ થવાનું છે.

હજુ સુધી ધીરજ, શાંતિ અને સભ્યતા ધરાવતા ૪૫થી વધુ ઉંમરના લોકોને કોરોનાની રસી આપવામાં આવી હતી જેઓએ વેક્સિન આપતા સમયે લાંબી લાઈનો અને હમણાના સમયે વેક્સિનેશન સેન્ટર પર પહોંચ્યા બાદ ખબર પડે કે અહીં વેક્સિન ઉપલબ્ધ જ નથી. તે છતાં સરકારને કે પ્રશાસનને કોઈ પણ પ્રકારની વધુ ફરિયાદો ન કરતા જે થઈ રહ્યું છે અને જે સુવિધાઓ સરકાર કરી રહી છે તે સારી જ છે તેવો સૂર મેચ્યોર્ડ નાગરિકો પાસેથી સંભળાયો છે. પણ ન્યૂ ઈંડિયા એટલે કે ૧૮ વર્ષથી ઉપરના પુખ્ત વયના નાગરિકો ટ્વીટર જેવા સોશ્યલ મીડીયાના માધ્યમે દરેક નાની મોટી ફરિયાદો અને તે ફરિયાદ માટે સરકાર પાસે સવાલ જવાબ કરી શકે તે પેઢી છે. આ પેઢી અત્યારથી જ સરકાર પાસે એવી અપેક્ષા કરી રહી છે કે લોકડાઉન અને કોરોનાને લીધે દર્દીઓને જેમ બેડ, ઓક્સિજન, વેન્ટિલેટર, આઈસીયુ અને અન્ય તકલીફો પડી છે તેની સામે તેઓને ફક્ત વેક્સિન લેતા સમયે સુગમતાથી સરળતાથી વેક્સિન મળે અને વેક્સિન ખૂટી ગઈ છે તેવા રાજકારણ ખેલાતા મુદ્દાઓ તેમને આડે ન આવે. યુવા વર્ગ જ ભારતને હવે આ કોરોનામાંથી મુક્તિ અપાવી શકે તેમ છે પણ તેમને તેમના સમય અને તેમને યુવા ધન તરીકે મળેલી સત્તાનો સદુપયોગ કરવા માટે યોગ્ય દોરવણીની જરૂર છે.




# શ્રી પંતનગર વર્ધમાન સ્થાપકવાસી જૈન શ્રાવક સંઘ/ટ્રસ્ટ

શ્રી પંતનગર વર્ધમાન સ્થાપકવાસી જૈન શ્રાવક સંઘ/ટ્રસ્ટ સંચાલિત જેતપુર નિવાસી માતુશ્રી ગુલાબબેન જયંતીલાલ કોઠારી જૈન ધર્મ સ્થાનકની ત્રિવાર્ષિક ચુંટણીમાં બિનહરીફ ઉમેદવારોના નામો તથા નક્કી થયેલ હોદ્દાઓ :

૧)મનસુખલાલ અમરચંદ પંચમીઆ-ટ્રસ્ટી-પ્રમુખ, ૨) પ્રફુલભાઈ હિંમતલાલ દોશી-ટ્રસ્ટી-ઉપપ્રમુખ, ૩) વિનોદભાઈ કેશવલાલ શાહ-ટ્રસ્ટી-મહામંત્રી, ૪) બિમલભાઈ મનસુખલાલ પંચમીયા-ખજાનચી, ૫) દિનેશભાઈ હિંમતલાલ દોશી-સહમંત્રી, ૬) રાજેશભાઈ નટવરલાલ કોઠારી-સહમંત્રી, ૭) નિલેશભાઈ રવિન્દ્ર પારેખ-સહખજાનચી, ૮) કલ્પેશભાઈ મલૂકચંદ શાહ - ઈન્ટરનલ ઓડિટર, ૯) પ્રકાશભાઈ વિશનજી મોરબિયા-પ્રવક્તા, ૧૦) પ્રવીણભાઈ મોરારજી છેડા-લાયબ્રેરીયન, ૧૧) માંગીલાલ મેઘરાજજી જૈન -કમીટી મેમ્બર.

- અખબારી યાદી

જ્યોતિષ ઉપાય
૩૫ વર્ષના અનુભવી દેશ-વિદેશના વ્યક્તિઓને
જ્યોતિષ અને વાસ્તુ વિશે સલાહ દ્વારા
જીવનમાં પ્રગતિના માર્ગો પર દોરનાર અને મુંઝવણોના
ઉકેલ અને સચોટ માર્ગદર્શન તથા નિરાકરણ આપનાર
શ્રી પ્રકાશ જોષી
9326999609

સુવર્ણ તક
માર્કેટમાં ઝડપથી વધુ બિઝનેશ કરતી કંપનીને ફ્રેન્ચાઈઝી આપવી છે ફક્ત રૂા.૮૦,૦૦૦ના રોકાણમાં દિવસનાં ત્રણ થી ચાર કલાક કામ કરી
સુવર્ણ તક
માસિક રૂા.30000 થી 60000 કમાવવાની અમૂલ્ય તક
નિવૃત લેડીઝ જેન્ટ્સ તથા દરેક માટે બેસ્ટ બિઝનેશ તક
ટુ વ્હિલર આવડતુ હશે તેના માટે બેસ્ટ તક આજે જ મળો
MEHTA ENTERPRISES
10/A, Gr. Floor, Kanara Business Center, Laxmi Nagar,
Ghatkopar Anderi Link Road, Ghatkopar (East), Mumbai - 400 075.
9967421409 / 8291440870 / 7623901554

## ભાવભીની શ્રદ્ધાંજલિ



**સ્વ. શશીકાંતભાઈ રૂપચંદભાઈ કોઠારી**

**સ્વર્ગવાસ : તા.20-4-2021 ચૈત્ર સુદ આઠમને મંગળવાર**

આપનો શિસ્તપ્રેમી પરંતુ સેવાભાવી સ્વભાવ, સદા હસતો ચહેરો, પ્રેમસભર આતિથ્ય હંમેશા યાદ રહેશે. તમારો પવિત્ર આત્મા જ્યાં પણ હોય ત્યાં પરમ શાંતિ પામે અને મોક્ષગામી બને એ જ ઈશ્વરને અંતઃકરણપૂર્વક પ્રાર્થના.

શોકાતૂર

**સ્વ.જયંતીલાલ રૂપચંદ કોઠારી પરિવાર**
**તથા સમસ્ત કોઠારી પરિવાર**

**સૌજન્ય : જીતેન્દ્ર જયંતીલાલ કોઠારી**



GOOD NEWS!

**Hema Cable & Internet**

1. Anjaria Wadi, M.G. Road, Behind Kiran Doshi Nursing Home, Ghatkopar (E), Mumbai - 400 077.

GOOD NEWS ! GOOD NEWS ! GOOD NEWS !

First Time in Ghatkopar
High Internet Speed at Affordable rate
" I " Broad Band Internet
All Unlimited Plans

| PLAN | MONTHLY FEES | ANNUAL FEES |
|---|---|---|
| 25 MBPS | Rs. 300/- | Rs. 3600/- |
| 30 MBPS | Rs. 400/- | Rs. 4800/- |
| 50 MBPS | Rs. 500/- | Rs. 6000/- |
| 100 MBPS | Rs. 1000/- | Rs. 10000/- |

*Additional one Time Installation Charge of Rs. 500/-
No Installation Charges on Annual Subscription & Full Payment
Limited Period Offers

Contact : Mr. Hirabhai L. Haria
9870458808

GOOD NEWS ! GOOD NEWS ! GOOD NEWS !


## આવશ્યક સેવાઓમાં સામેલ કરવાની માંગ સાથે સાંસદ મનોજ કોટકને ડબ્બાવાળાઓએ આવેદન પત્ર સુપ્રત કર્યું



મુંબઈની લાઈફ લાઈન લોકલ ટ્રેન છે તે રીતે મુંબઈમાં દરરોજ આશરે બે લાખ લોકોને ઓફિસમાં ટિફીન પહોંચાડવા ડબ્બાવાળાઓ પણ લાઈફ લાઈનથી કમ નથી. આ ડબ્બાવાળાઓ તાજેતરમાં સંસદ સભ્ય મનોજ કોટકને આવેદનપત્ર સુપ્રત કર્યું હતું. જેમાં ડબ્બાવાળાઓનો વ્યવસાય પણ રાજ્ય સરકાર આવશ્યક સેવાઓમાં સામેલ કરે તેમજ મુંબઈના પાલક મંત્રી અસલમ શેખે ગત લોકડાઉન વેળાએ ડબ્બાવાળાઓનું દર મહિને રૂ. ૨૦૦૦ આપવાની ખાતરી આપી હતી તે પેટે પણ તેમને કંઈ મળ્યું ન હોવાનું જણાવ્યું હતું. આ સંબંધી ટ્વીટ કરીને સંસદ મનોજ કોટકે પાલક મંત્રી અસલમ શેખને ધ્યાન દોર્યું હતું પરંત અસલમ શેખે આનો ઉલ્લેખ કરવાને બદલે સાવ અસંગત ટ્વીટ કરી છે. આ સંબંધી સંસદ મનોજ કોટક રી ટ્વીટ કરીને રાજ્ય સરકાર અને પાલક મંત્રીને તેમના વચનની યાદ અપાવી પરંતુ અસલમ શેખએ ટ્વીટનો કંઈ જવાબ આપ્યો નથી. તસ્વીરમાં ડબ્બાવાળાઓના પ્રતિનિધિઓ સંસદ સભ્ય મનોજ કોટક ને અવેદનપત્ર આપી રહેલાં જણાય છે.

## શિવભોજન થાળીને ઘાટકોપરમાં સુંદર પ્રતિસાદ





કોરોના કાળમાં રાજ્યમાં લોકડાઉનને લીધે જરૂરિયાતમંદોને માટે સહાયરૂપ બનેલ શિવભોજન થાળી આગામી એક મહિના સુધી મફતમાં આપવાની જાહેરાત કરવામાં આવી છે. બુધવાર તા. 14 એપ્રિલનાં રાતથી લોકડાઉનની જાહેરાત બાદ ગુરૂવાર તા.15ના મુંબઈમાં ઠેકઠેકાણે આવેલ શિવભોજન થાળી કેન્દ્રો પર જરૂરિયાતમંદ લોકોની લાઈન લાગી હતી. ઘાટકોપર એન વિભાગમાં શિવભોજન થાળીનો 200થી વધુ અધિક લોકોએ લાભ લીધો હતો.

એન વોર્ડમાં સરસ્વતી મહિલા બચત ગટ તરફથી સવારે 11 થી બપોરે 3 દરમ્યાન થાળીનું વિતરણ કરવામાં આવે છે. નગરસેવક પરમેશ્વર કદમે વોઈસ ઓફ ઘાટકોપરને જણાવ્યુ કે લોકડાઉનનાં સમયમાં સરકારે શિવભોજન થાળી મફતમાં આપવાનો નિર્ણય લીધો છે. એન વોર્ડમાં અનેક જરૂરિયાતમંદોને શિવભોજન થાળી નથી મળી રહી માટે વધુ થાળીઓ આપવા માટે જણાવવામાં આવ્યું છે. તેમણે શિવભોજન થાળી કેન્દ્રની મુલાકાત પણ લીધી હતી. લોકડાઉનની જાહેરાત બાદ હજુ સુધી 1000થી વધુ લોકો શિવભોજનનો લાભ લીધો છે.

**FIGHT COVID-19 AS ONE WORLD**





Corona Virus started somewhere, and now it's everywhere...

Coughs or Sneezes are like its Private Jet and to your lungs it's a big THREAT.
Corona Virus is not lazy, but it has made all of us CRAZY...




The vaccines are here, but still be single, don't mingle,
COVISHIELD or COVAXIN, we will surely WIN...
Sanitizing your hands is right, together we can all FIGHT...



People go out; they ignore and break all rules,
Why aren't they listening, they have closed all the Schools!

The darkness we must overcome by being STRONG...
Stick to the rules, and then nothing can go WRONG!
Let's get rid of this VIRUS and stay happy & safe FOREVER and EVER!



Written by:
Manya Ruwatia,
Bombay Scottish School,
8 Years

અરિહંતશરણ

કચ્છ : બિદડા (ખાખરીચો ફળીયો) • મુંબઈ : મુલુંડ

# શ્રી અરવિંદ નાનજી વિજપાર (રાજા) શાહ



ટુંકી માંદગી (કોવિડ)થી અરિહંતશરણ : તા. ૧૬.૪.૨૦૨૧ ઉં.વ. ૬૯

વડીલના વારસાને પ્રજ્વલીત રાખનારા, ધર્મને જીવનમાં આત્મસાત કરનારા, ઝિંદાદિલીથી જીવન જીવીને માનવ દેહને ઉજાગર કરનારા, સ્નેહમૂર્તિનો આત્મા મોક્ષગામી હોજો એજ પ્રભુને પ્રાર્થના.

| | | |
|---|---|---|
| દાદા-દાદી | માતુશ્રી ગંગાબાઈ વિજપાર નરશી ગંગર | બિદડા |
| નાના-નાની | માતુશ્રી ગોમીબેન હંસરાજ જગશી કુરીયા | બિદડા |
| | માતુશ્રી ગાંગબાઈ હીરજી ડુંગરશી ગાલા | નાના આસંબીયા |
| માતા-પિતા | માતુશ્રી નાનબાઈ/સુંદરબાઈ નાનજી વિજપાર રાજા | બિદડા |
| સાસુ-સસરા | માતુશ્રી કેસરબાઈ ઘેલાભાઈ વેલજી નંદુ | મોટા આસંબીયા |
| નાનાઈ સાસુ-સસરા | માતુશ્રી કુંવરબાઈ કુંવરજી કેશવજી કુરીયા | બિદડા |
| જીવનસંગીની | વર્ષા (વૈજંતી) અરવિંદ નાનજી રાજા | બિદડા |
| સં.પ. બેન | પ.પૂ. સા.શ્રી જ્યોતીગુણાશ્રીજી મ.સા. | અચલગચ્છ |
| સં.પ. ભાણેજી | પ.પૂ. સા.શ્રી મુક્તાનંદશ્રીજી મ.સા. | પાર્શ્વચન્દ્રગચ્છ |
| સં.પ. કાકાઈ બેન | પ.પૂ. સા.શ્રી આત્મકિરણાશ્રીજી મ.સા. | અચલગચ્છ |
| સં.પ. ભાણેજ | પ.પૂ. શ્રી ભાગ્યોદયસાગરજી મ.સા. | અચલગચ્છ |

| | | |
|---|---|---|
| પુત્ર | સ્વ. જીગ્નેશ અરવિંદ શાહ | બિદડા |
| પુત્ર-પુત્રવધુ | વૈશાલી વિરલ અરવિંદ શાહ | બિદડા |
| પૌત્રી | પ્રિયલ વિરલ અરવિંદ શાહ | બિદડા |
| ભાઈ-ભાભી | જ્યોતીબેન(હેમકુંવર) જયંતિલાલ(બચુભાઈ) નાનજી શાહ | બિદડા |
| | દિવ્યાબેન (રંજન) દિનેશ નાનજી રાજા | બિદડા |
| ભાઈ-ભાઈપત્ની | વિમળાબેન શાંતીલાલ નાનજી શાહ | બિદડા |
| બેન-બનેવી | લક્ષ્મીબેન કાંતીલાલ(વલ્લભજી) વિસનજી વિકમ | મોટી ખાખર |
| | મણીબેન શામજી દેવજી ગાલા | મોટા આસંબીયા |
| | રંજનબેન પ્રવિણચંદ્ર જયંતિલાલ વીરા | નવાવાસ |
| | ભારતી હેમંત અમરચંદ છાડવા | મોટી ખાખર |
| ભત્રીજા-ભત્રીજાવહુ | ફોરમ અંકિત શાંતીલાલ શાહ | બિદડા |
| ભત્રીજી-ભત્રીજીવર | રેખા જીતેન્દ્ર જેઠાલાલ વિકમ | મોટી ખાખર |
| | નીતા રાજેશ અમૃતલાલ ગાલા | ફરાદી |
| | જયશ્રી ખુશાલ વીરજી વીરા | કારાઘોઘા |
| | નયના સુહાસ રોગે | મુંબઈ |
| | નીપા અમીત કલ્યાણજી ગડા | રાયણ |
| | મીતા હિરેન મણીલાલ છેડા | મોટા આસંબીયા |
| | કૃપા પરાગ શાંતીલાલ નાગડા | ગઢસીસા |
| | રીંકુ સમીર શાંતીલાલ છેડા | રાયણ |
| | પ્રિયલ (રૂચિ) સુકેતુ વસંત છેડા | રાયણ |
| ભાણેજ-ભાણેજવહુ | વ્રજલાલ કાંતીલાલ વિકમ | મોટી ખાખર |
| | મીના કેતન કાંતીલાલ વિકમ | મોટી ખાખર |
| | સોનલ રાજ પ્રવિણ વીરા | નવાવાસ |
| ભાણેજી-ભાણેજીવર | જ્યોતી રમણીક દામજી ગડા | પત્રી |
| | જસ્મીન ભરત ગોવિંદજી પાસડ | કોટડા-રોહા |
| | રીતુ હિતેશ ધીરજલાલ ખુથીયા | બેરાજા |
| | તન્વી નિરવ હરીલાલ મોતા | ભુજપુર |
| | ધેહલ રૂબીન મહેશ વિકમ | મોટી ખાખર |
| | હિરલ હર્ષિત સંજય શાહ | લાલા |
| ભત્રીજા પુત્ર-પુત્રી | વિરમ અંકિત શાહ | બિદડા |
| | જૈના અંકિત શાહ | બિદડા |
| ફુઈ-ફુઆ | કુંવરબાઈ કુંવરજી રામજી ભગત | રાયણ |
| | રતનબાઈ તેજશી નાનજી દેઢિયા | તલવાણા |
| | જેતબાઈ રામજી વીરજી ગાલા | નાના આસંબીયા |
| મામા-મામી | હીરબાઈ રાઘવજી હંસરાજ કુરીયા | બિદડા |
| | જેતબાઈ રામજી હીરજી ગાલા | નાના આસંબીયા |
| મામાઈ ભાઈ-ભાભી | ઉષા કિરીટ રામજી કુરીયા | બિદડા |
| મામા/ફુઈ. ભાઈ-ભાભી | જવેરબેન અમૃતલાલ રામજી ગાલા | નાના આસંબીયા |
| કાકાઈ કાકા-કાકી | જવેરબેન જેવત લાલજી ગંગર | બિદડા |
| | મણીબાઈ મગનલાલ લાલજી ગંગર | બિદડા |
| | બચુબાઈ ધનજી લાલજી ગંગર | બિદડા |
| સાળા-સાળાવેલી | નિર્મળાબેન ચંદ્રકાંત ઘેલાભાઈ નંદુ | મોટા આસંબીયા |
| | કલ્પના ધર્મેશ (ધનપાલ) ઘેલાભાઈ નંદુ | મોટા આસંબીયા |
| સાળી-સાઢુભાઈ | લક્ષ્મી (લીના) કીર્તિકુમાર દેવજી ગાલા | મોટા આસંબીયા |
| | પુષ્પા નવિનચંદ્ર મેઘજી લાલન | કોડાય |
| | રેખા ધીરજ મુલચંદ બોઆ | નાની તુંબડી |
| | ચંદન કાંતીલાલ ખેંગાર | આંગીયા |
| | નયના ભદ્રીક દેવચંદ ગાલા | મોટા આસંબીયા |
| ભત્રીજા-ભત્રીજાવહુ | ઉર્વી નિકુંજ ચંદ્રકાંત નંદુ | મોટા આસંબીયા |
| ભત્રીજા | વૈભવ ધર્મેશ નંદુ | મોટા આસંબીયા |
| | આદિશ ધર્મેશ નંદુ | મોટા આસંબીયા |
| ભત્રીજી-ભત્રીજીવર | નીશા ધર્મેશ સંગોઈ | કપાયા |
| | જયના ભાવિન ગાલા | મોટા આસંબીયા |
| ભાણેજ-ભાણેજવહુ | પલ્લવી સાગર કીર્તિકુમાર ગાલા | મોટા આસંબીયા |
| | મનીષા ગૌરવ કીર્તિકુમાર ગાલા | મોટા આસંબીયા |
| | રશ્મી નિમેશ નવિનચંદ્ર લાલન | કોડાય |
| | જ્યોતી દિપક નવિનચંદ્ર લાલન | કોડાય |
| | શીતલ જતીન નવિનચંદ્ર લાલન | કોડાય |
| | ઉર્વી હિમાંશુ ધીરજ બોઆ | નાની તુંબડી |
| | પારસ કાંતીલાલ ખેંગાર | આંગીયા |
| | પ્રાચી પ્રિયલ ભદ્રીક ગાલા | મોટા આસંબીયા |
| | અભય ભદ્રીક ગાલા | મોટા આસંબીયા |
| ભાણેજી-ભાણેજીવર | રાજેશ્રી કિરણ છેડા | નાના આસંબીયા |
| | લોપા ચંદ્રેશ છેડા | મોટા આસંબીયા |
| | જીગ્ના હિતેન છેડા | નાની તુંબડી |
| ભાણેજી | ડોલી કાંતીલાલ ખેંગાર | આંગીયા |
| વેવાણ-વેવાઈ | નીતાબેન અનંતરાય અમૃતલાલ પઢ્ઢણી | મહુવા |
| પારિવારીક સ્નેહીજન | આમદાર સ્વ. સરદાર તારાસિંહ | મુલુંડ |
| | મા. પ્રકાશભાઈ મહેતા (Ex-મિનીસ્ટર) | મહારાષ્ટ્ર |
| | મા. મનોજભાઈ કોટક (MP) | મુલુંડ |
| | મા. મિહીર કોટેચા (MLA) | મુલુંડ |
| | ડૉ. કિરીટ સોમૈયા (Ex-MP) | મુલુંડ |
| | ડૉ. કુનાલ વિસનજી ગાલા | કાંડાગરા |
| પરમ મિત્ર | શ્યામ ગુપ્તા | ભારતીય વિદ્યાભવન |
| | સુરેશ જાદવ | ભારતીય વિદ્યાભવન |
| | નટુભાઈ | ભારતીય વિદ્યાભવન |
| | ગિરીશ પરીખ | બોરીવલી |
| | ગૌતમ મુલચંદ શાહ | ગોદાવી |
| | કિરણ મુલચંદ શાહ | ગોદાવી |
| | દીપુ મુલચંદ શાહ | ગોદાવી |
| પરમ સ્નેહી | ભરત તલકશી છેડા | કુંદરોડી |
| | વર્ષા લક્ષ્મીચંદ લોડાયા | પરજાઉ |
| | મિતાલી સંદીપ અનંતરાય પઢ્ઢણી | મુલુંડ |
| | અનીશા કલ્પેશ અનંતરાય પઢ્ઢણી | મુલુંડ |
| | દિપકભાઈ, મેહુલભાઈ, પિયુષભાઈ ગોસર | વિઢ |
| | ભાઈલાલ પોપટલાલ છેડા | બિદડા |
| | મીનલ ચેતન ગડા | ગઢસીસા |
| | હેમચંદ હીરજી વીરા | બિદડા |
| | ભવાનજી દેવરાજ ગડા | સાભરાઈ |
| | શાંતીલાલ રામજી શાહ | નાની ખાખર |
| | ડુંગરશી ગાંગજી દેઢિયા | કોટડી (મહા.) |
| | મગનલાલ ચુનીલાલ વોરા | ડોણ |
| | રમેશ ધારસી સતરા | ગુંદાલા |
| | કેશવજી ખીમજી સાવલા | ગુંદાલા |
| | પંકજ (બબુશેઠ) ધનજી સાવલા | કોડાય |
| | કોમલ ગિરીશ દેઢિયા | સાડાઉ |
| | સંજય, યોગેશ, અજય | મુલુંડ |
| | કુનાલ મોહનલાલ બોટાદ્રા | બોટાદ |

**નમ્ર નિવેદન : વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને પ્રાર્થના સભા રાખેલ નથી. • લૌકીક વહેવાર બંધ છે.**

સદ્‌ગતશ્રીના આત્મશ્રેયાર્થે ૧૨ નવકારનું સ્મરણ કરવું. ◈ ઘરે આવવાની તસ્દી ન લેવા નમ્ર વિનંતી. ◈ ફોન/વોટ્સએપ/મેસેજ રૂબરૂતુલ્ય ગણશોજી.

નિવાસ : વર્ષાબેન અરવિંદ શાહ : 26-B, ભુજબલ નિવાસ, બીજે માળે, જવાહરલાલ નહેરૂ રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-400080.

વિરલ : મો. 9821118138 • વર્ષાબેન : મો. 9323903789 • દિનેશ રાજા : મો. 9819146799 • શાંતીલાલ : મો. 9967211277

**GHP GROUP** પવઈ | **નાનજી વિજપાર એન્ડ કાં.** બાબુલનાથ

ઉપરોક્ત સગાં-સંબંધીઓની નામાવલીમાં શરતચુકથી કોઈનું નામ રહી ગયું હોય અથવા કોઈ ભુલચુક હોય તો ક્ષમાયાચના, મિચ્છામી દુક્કડમ્

છગન છેડા : 9322263819

# તું જ મારી યશોદા (ભાગ : 12)



– પૂજા ટોપરાણી

લોનાવલાથી પાછા ફર્યા બાદ અઠવાડિયામાં જ રાજ-અંશ વીલામાં પહેલા જેવી જ રોનક આવી ગઈ. તે અઠવાડિયા દરમિયાન માતા-પુત્રે મીની વેકેશન જેવી મજા માણી. ના તો શ્યામ સ્કૂલે ગયો કે ના તો રાજવી હોસ્પિટલમાં ગઈ ઘર બેઠે જ સુમીત શાહની મદદથી હોસ્પિટલનું કામ વ્યવસ્થિત ચાલ્યું. નસીબ જોગે કોઈ જ ઈમરજન્સી કેસ ન હોતો આવ્યો. માતા-પુત્રના શારીરિક અને માનસિક ઝખમ રૂઝાવા માંડ્યા.

જો કે ઘરના રૂટીનમાં એક ફેરફાર જરૂર થયો હતો. પહેલા રાજવી અને હંસાબહેન મળી શ્યામનું ધ્યાન રાખતા પમ હવે શ્યામ અને હંસાબહેન ભેગા મળી રાજવી કોઈ નાનકડી બાળા હોય તેમ તેની સંભાળ રાખતા!

અઠવાડિયા પછી રાજવી હોસ્પિટલ જવા તૈયાર થઈ ત્યાર જતા જતા શ્યામને કહ્યું : તું સ્કૂલમાંથી સીધો ઘરે નહીં આવતો પણ હોસ્પિટલ પર આવજે મને તારું જરૂરી કામ છે. શ્યામે હસતા હસતા કહ્યું : એક શરતે આવીશ... મમ્મી, એક પ્લેટ ઈડલી અને બે શેરડીના જ્યુસ તૈયાર રાખજે. રાજવીએ તેની ચીબુક પકડી કહ્યું : યુ.. નોટી બોય અને પછી ફટાફટ હોસ્પિટ જવા રવાના થઈ.

હોસ્પિટલમાં નાના મોટા કામ પતાવી રાજવી લગભગ બે વાગે પોતાની કેબીનમાં આવી. પછી લગભગ બે વાગે પોતાની કેબીનમાં આવી તેણે તરત જ ગુરૂજીને ફોન જોડ્યો. ટ્રુ કોલર પર પંડીત સત્યદેવ શર્મા નામ ફ્લેશ થયું અને ફોન ઉંચકાયો. સામેથી ઘેરો અને ઘુંટાયેલો આવાજ આવ્યો... સર્વે ભવન્તું : સુખીનઃ પછી એકદમ અશાંત બની ગયું હતું. જાણે કોઈ મોટું તોફાન આવવાનું હોય તેમ. તેથી તને ફોન જોડ્યો હતો. પરંતુ બીજે દિવસે સવારે મન એકદમ શાંત બની ગયું. રાજવીએ પૂરા મનથી ગુરૂજીને નમન કર્યા અને કહ્યું : હા ગુરૂજી... ખરેખર એક મોટું તોફાન આવી ને ગયું. તેમાં અટવાઈ ગઈ હતી. ગુરૂજીએ સામે જવાબ આપ્યો : બેટા જરા પણ ગભરાવાની જરૂર નથી. બધું જ નોર્મલ થઈ જશે. ફોન મુક્યા બાદ રાજવી કલાકેક આરામ કરી બપોરના રાઉન્ડ પર નીકળી. આજે તે ફરીથી પહેલાની રાજવી બની દરેક પેશન્ટને મળી. ત્યાર બાદ જશોદાબેન ને થોડી સૂચનાઓ આપી કેબીનમાં શ્યામની વાટ જોતી બેઠી.

લગભગ સાડા પાંચે બધાની ટીખળ કરતો કરતો શ્યામ તોફાની મેલની જેમ કેબીનમાં આવ્યો. તેણે પોતાના દફતરને મમ્મીના ટેબલ પર રાખ્યું અને પછી બોલ્યો : મમ્મી આપણી શરત યાદ છે ને તને? રાજવી હસીને બોલી : બધુ તૈયાર જ છે. તું નાસ્તો કરી લે પછી મારી સાથે નીચે ચાલ.

નાસ્તો કર્યા પછી શ્યામ અને રાજવી નીચે બેઝમેન્ટમાં આવ્યા જયાં તેઓએ પોતાની અત્યંત આધુનિક લેબોરેટરી બનાવી હતી. શ્યામ એક ક્ષણ માટે પપ્પાની યાદ આવતા ઉદાસ થઈ ગયો પણ મમ્મીની આંખો સામે જોતાં જ પોતાની જાતને સંભાળી લીધી કહેવાય છે કે 'માતા વિનાની પુત્રી અને પિતા વિનાના પુત્ર જલ્દી મોટા થઈ જાય છે.' શ્યામની બાબતમાં હવે આ વાક્ય સાચુ પડતું લાગી રહ્યું હતું. બન્ને લેબોરેટ્રીમાં પ્રવેશ્યા અંશુલ જે ચેર પર બેસતો ત્યાં રાજવીએ શ્યામને બેસવા કહ્યું. શ્યામ ધીરેથી ચેરમાં ગોઠવાયો. રાજવી તેની બાદુમાંની ચેરમાં બેઠી અને ધીરેથી બોલી : મારે તારી સાથે આજે મન ખોલીને થોડી વાત કરવી છે. શ્યામે સ્થિર આંખે તેની સામે જોયું રાજવી શબ્દોને ગોઠવતા બોલી : શ્યામ... તારું મારા અને અંશુલના જીવનમાં પ્રવેશવું અમારા માટે સૌભાગ્યની ઘડી હતી. અમે બન્ને તારી નાની નાની શરારતોમાં અમારું બાળપણ જોતા. પરંતુ તારી તબિયત ખૂબ જ નાજુક રહેવા લાગી. અન્ય બાળકોના પ્રમાણમાં તારો વિકાસ પણ ઓછો હતો. તું લગભગ છ વર્ષનો હતો ત્યારે મેં અને તારા પપ્પાએ તારા બધા જ ટેસ્ટ કરાવ્યા તો ખબર પડી કે તું HIV-B પોઝીટીવ છો. રીપોર્ટ જોઈ અમારા બન્નેના પગ નીચેથી ધરતી સરકી ગઈ. એક ક્ષણ માટે તો અમે સ્તબ્ધ બની ગયા પરંતુ અમે ત્વરિત નિર્ણય લઈ લીધો કે કોઈપણ પરિસ્થિતિ સામે લડી અને તને આ બધામાંથી હેમખેમ બહારે કાઢશું. કુદરતનું કરવું કે એ જ વર્ષે આપણા ત્રણેનું ઓલી ફરવા જવાનું થયું. આઠ દિવસ ઓલીના કુદરતી સૌદર્યને માણવામાં ક્યાં નીકળી ગયા તે ખબર જ ન પડી. આપણે પાછા નીકળવાના હતા તેના આગલા દિવસે ગાઈડ આપણા માટે ભગવાન સ્વરૂપ બની આવ્યો હોય તેમ તેને ખૂબ જ આગ્રહપૂર્વક કહ્યું: તમે ડોક્ટર છો એટલે હું તમને એક એવી વ્યક્તિથી મળાવવા માંગુ છુ કે જેમને મળીને તમને ખૂબ જ આનંદ થશે. અને તમારા વ્યવસાય ઉપયોગી કંઈ ક વાત પણ જાણવા મળશે. સાંજે લગભગ ચારેક વાગે હું અને અંશુલ તને લઈ આશ્રમ પર ગયા. અમારા આશ્ચર્ય વચ્ચે સત્સંગ દરમિયાન યોગ, પ્રાણાયામ અને આયુર્વેદની ચર્ચા સિવાયની બીજી કોઈ જ વાતો ન થઈ! સત્સંગ પૂરૂ થયું ત્યારે ગાઈડે અંશુલની ઓળખાણ ગુરૂજીને ડોક્ટર તરીકે આપી અને કહ્યું : આ બન્ને પતિ-પત્ની ડોક્ટર છે અને મુંબઈથી આવ્યા છે. ઓળખાણ થતા પછી ખબર પડી કે ગુરૂજીએ 'બોટની'માં માસ્ટર્સ કર્યું છે અને અહીંના જંગલોમાં ફરી અસાધ્ય રોગો માટેની આયુર્વેદિક દવાઓ તૈયાર કરે છે. ! તે જ વખતે અંશુલે તેમને તારો આખો કેસ કહ્યો. તેમણે તરત જ તારા વિશે થોડાક પ્રશ્નો પૂછ્યા. પછી કહ્યું કે થોડી ધીરજ સાથે કામ લેવામાં આવશે તો જરૂર આ બાળકને સારું થઈ જશે. ત્યાર બાદ તો આપણે મુંબઈ પાછા ફરવાનો પ્રોગ્રામ પૂરા દસ દિવસ પાછળ ઠેલ્યો. તે દસ દિવસ ગુરૂજી એટલે કે પંડીત સત્યદેવ શર્મા સાથે ઓલીના જંગલોમાં ફર્યા ગુરૂજીના વનસ્પતિ તેમાંથી બનતી દવાઓ વિશેના જ્ઞાનથી હું અને તારા પપ્પા ખરેખર પ્રભાવિત થઈ ગયા. મુંબઈ આવવાના આગલા દિવસે તારા પપ્પા, હું અને ગુરૂજી લગભગ ત્રણ કલાક સાથે બેઠા અને ચર્ચા કરી એવું નક્કી કર્યું કે તેમનું આયુર્વેદનું જ્ઞાન અને અમારું મેડીકલનું જ્ઞાન બન્ને સાથે મળી દુનિયામાં કહેવાતા મોટા રોગો સાથે રક્ષણ પુરૂ પાડવા સસ્તામાં સસ્તી દવાઓ બનાવવી. મુંબઈ પાછા આવી અમે પહેલું કામ આ લેબોરેટરી બનાવવાનું કર્યું. સૌ પ્રથમ બન્ને શાસ્ત્રના જ્ઞાનનો ઉપયોગ કરી HIV ની દવા બનાવી જેનો પહેલો પ્રયોગ દસ જણ પર કર્યો જેમાંનો એક તું પણ હતો! બે થી ત્રણ વર્ષમાં બધાના જ રીપોર્ટ નેગેટીવ આવ્યા જો કે તારી રોગપ્રતિકારક શક્તિ ઉચ્ચ કક્ષાની બને તે માટે ગુરૂજીએ પહેલેથી જ બનાવેલી દવા 'ઈમ્યુન બુસ્ટર' તને રેગ્યુલરલી લેવાની હતી. જો સતત ચાર વર્ષ તારો બ્લડ રીપોર્ટ નગેટીવ આવે તો પછી 'ઈમ્યુન બુસ્ટર' ની પણ જરૂર નહીં રહે. આજે તારો છેલ્લો બ્લડ રીપોર્ટ લેવાનો છે.

શ્યામ તરત જ બોલ્યો : મમ્મી મને ખાત્રી છે કે મારો રીપોર્ટ નેગેટીવ જ આવશે એટલું જ નહીં હું તને પ્રોમીસ પણ આપું છું કે આપણે બન્ને સાથે મળી પપ્પા અને ગુરૂજીના અભિમાનને આગળ વધારશું અને દુનિયાને રોગમુક્ત બનાવશું. શ્યામના અવાજનો બદલાયેલો રણકો સાંભળી રાજવીએ બિલકુલ નવાઈ ન લાગી. મસ્તી ભર્યું એક ચંચળ ઝરણું હવે નદીનું સ્વરૂપ લઈ રહ્યું હતું !

અઠવાડિયા પછી રાજવી માટે સંપૂર્ણ સૌભાગ્યનો દિવસ આવી પહોંચ્યો. તેના શ્યામના બધા જ રીપોર્ટ નાર્મલ આવ્યા. ત્યાર બાદ તેઓ ઓલી જવા માટે તૈયારી કરવા લાગ્યા. શ્યામ વચ્ચે વચ્ચે અંશુલની અદાથી બોલતો રહેતો... મેડમ બધા ડોક્યુમેંટ અને ટીકીટ બરાબર રાખી છે ને?!

બીજે દિવસે વહેલી સવારે શ્યામ અને રાજવી ગુરૂજીને મળવા ઓલી જવા માટે દિલ્હીની ફ્લાઈટ પકડવા નીકળ્યા. ત્યારે એરપોર્ટ પર શ્યામે પોતાની માતાનો હાથ એ રીતે પકડ્યો હતો જાણે સમાજમાં ઉન્નત શિખરે લઈ જવા માગતો કૃષ્ણ પોતાની યશોદાને લઈને ન જઈ રહ્યો હોય.... !!

... સમાપ્ત...

## 'તું જ મારી યશોદા'ની સમાપ્તિ વખતે...

હમ્રાવાર વાર્તાની સમાપ્તિ એ કોઈપણ લેખક/લેખિકા માટે મુશ્કેલ પળ એટલા માટે હોય છે કે જીવન સાથે વણાઈ ગયેલા વાર્તાના પાત્રોથી દૂર જવું કષ્ટદાયક હોય છે. સાથે સાથે પત્રો, ફોન અને વૉટએપ દ્વારા હજારો વાચકોના મનોભાવો જાણી વાર્તા સમાજ ઉપયોગી બની છે. તે વાતનો મનમાં સંતોષ પણ પ્રાપ્ત થાય છે.

**સર્વ વાચકોને પૂજા ટોપરાણીના જયશ્રી કૃષ્ણ**

---

'This is life'



- Yesha Kotak

This section is in Collaboration with Leo Multiple 3231

# These residents of Kandivali are struggling for permission for Covid centre

While the Covid care centre at Parasdham is working well, the founding members of Pawaandham at Kandivali are having a tough time to set up their centre because certain clearances are awaited from the civic body. On Wednesday, BJP MP Gopal Shetty staged a protest outside the R-central ward against the Brihanmumbai Municipal Corporation (BMC) for allegedly denying permission to set up the quarantine centre. Last year as well, the followers of Jain monk Namramuniji Maharaj had set up the centre at the same place twice, but this year various hindrances are being created for these Covid heroes.

This is even as Mumbai is dealing with a severe second wave of Covid and both Mumbai as well Maharashtra are the hotspots for



the Covid 19 pandemic. Infact, Maharashtra has been touching new highs in Covid 19 cases, where more than 65,000 cases on a daily basis have already been reported.

Here are the excerpts from the interview with Nirav Doshi, who looks after the centre:

Yesha: How many people did you treat earlier and how many beds have been set up now?

Nirav: More than 2000 people have been cured at the centre here last year. That time we had set up 125 beds, and now this year we are planning to start with 50 beds. If there is more requirement, we will increase the capacity.

Yesha: What is the problem that you are facing to set up this centre?

Nirav: So, the fire and other NOC from BMC is awaited, and it is awaited from them. We have already completed our formalities, but they are not paying heed, which is why we are running around seeking permission. Even today we have a meeting with BMC, so after 4 PM we will be able to decide on a date to start the centre.

Yesha: How di d the idea come up to start with this Covid care centre?

Nirav: So, we are followers of Namramuniji Maharaj and it was his idea to serve the people and help them. It is being set up in the temple premises, and we have laid beds there already.

Yesha: What would the rates of the services be?

Nirav: So the per day rates here are Rs 3000, which includes food, doctor charges and the stay. The special doctors would arrive twice a day, and we have one resident medical officer on duty 24*7, so this is not something that people need to worry about when they come here.

# કોકોનટ થિયેટર પ્રસ્તુત “ચાય-વાય એન્ડ રંગમંચ” સીઝન -૩ ની ૧૨ મી એપ્રિલ ૨૦૨૧ થી થઇ શાનદાર શરૂઆત

“ચાય વાય એન્ડ રંગમંચ” ૨૦૨૦ જે કોકોનટ થિયેટરની પ્રથમ સફળ સીઝન રહી છે. જેમાં ભારત સહીત વિવિધ દેશોના રંગભૂમિના નિષ્ણાતોએ એક પછી એક ૧૦૮ સેશન્સ સફળતાપૂર્વક યોજીને ઇતિહાસ રચ્યો, એ સિવાય ભારતનાં જુદા જુદા રાજ્યોના પ્રતિભાશાળી નામાંકિત પ્રસિદ્ધ લોક કલાનાં કલાકારો અને મહેમાન વક્તા દ્વારા એક પછી એક કડીઓ ઉમેરતા ભારતીય લોક થિયેટરના સ્વરૂપો લોકો સુધી પહોચાડ્યા. દરેક અતિથિ વક્તાઓએ આ તકને સ્વેચ્છાએ સ્વીકારી. અને યાદગાર થિયેટરના અનુભવો અને શીખવા જેવી અનેક વાતો શેયર કરી. સીઝન ૧ અને સીઝન ૨ ના દરેક સત્ર આપ કોકોનટ થિયેટર્સની યુટ્યુબ ચેનલ પર જોઈ શકો છો. જે વિના મૂલ્યે વિશ્વભરમાં દરેકને માટે ઉપલબ્ધ છે.

શ્રી શત્રુઘ્ન સિંહા, શ્રી સુભાષ ઘાઇ, પદ્મ વિભૂષણ એવોર્ડિ શ્રીમતી શબાના આઝમી, શ્રીમતી સુપ્રિયા પાઠક, પદ્મ શ્રી અને સંગીત નાટક અકાદમી એવોર્ડ વિજેતા શ્રીમતી રીટા ગાંગુલી, શ્રી એમ.એસ.સત્યુ, સ્વ.બંસી કૌલ, શ્રી મનોજ જોશી, શ્રીમતી. નીલમ માનસિંહ, શ્રી વામન કેન્દ્રે, શ્રી સતિષ આલેકાર, શ્રીમતી. ડોલી આહલુવાલિયા, શ્રી પ્રસન્ના, શ્રી સુરેશ શર્મા (ડિરેક્ટર – એનએસડી), શ્રીમતી. રોહિણી હટ્ટંગડી અને ઘણાંએ ઓન લાઇન સત્રો કર્યા અને થિયેટર વિદ્યાર્થીઓ, કલાપ્રેમી થિયેટર આર્ટિસ્ટ, લેખકો, દિગ્દર્શકો, સંગીતકાર, નૃત્ય દિગ્દર્શક, રંગ ભૂષા, ડ્રેસ ટેકનીકલ ડીઝાઇનર, ટેકનિશિયન, વિવિધ થિયેટર જૂથો અને થિયેટર સાથે જોડાયેલા દરેકે દરેક માટે પ્રેરણા સ્રોત બન્યા.

ચા-વાય એન્ડ રંગમંચ” ની સીઝન ૧ અને ૨ ની સફળતા બાદ કોકોનટ થિયેટર ગૌરવપૂર્વક 'ચાય-વાય એન્ડ રંગમંચ – ગુજરાતી તખ્તાને સંગ – સીઝન -૩' ની શરૂઆત ૧૨ મી એપ્રિલ, ૨૦૨૧ થી ticketninja.in નાં સહયોગથી રોજ સાંજે ૬:૦૦ વાગ્યે આયોજન કરે છે. જેમાં ગુજરાતી રંગભૂમિના પ્રસિદ્ધ કલાકારો,લેખકો,દિગ્દર્શકો તથા અનેક ટેકિનશિયનો મના માનવંતા પ્રેક્ષકો સાથે લાઈવ ચર્ચા કરે છે. અત્યાર સુધીમાં સ્કેમ ૧૯૯૨ હર્ષદ મહેતા નાં પાત્રમાં દુનિયા આખીમાં ફેમસ થયેલા પ્રતિક ગાંધી, ગુજરાતી રંગભૂમિના ગુજ્જુભાઈ સિદ્ધાર્થ




રાંદેરિયા, સુપ્રસિદ્ધ અભિનેત્રી શ્રીમતી રોહિણી હટ્ટંગડી, પ્રખ્યાત લેખક દિગ્દર્શક વિપુલ મહેતા, દિગ્દર્શક ફિરોઝ ભગત, ફેમસ કલાકાર અરવિંદ વૈદ્ય મહેમાન તરીકે આવી ચુક્યા છે એમના અનુભવો અને રંગમંચ ની ઘણી અજાણી વાતો અને અનુભવનો પ્રેક્ષકોએ લ્હાવો લીધો. આગામી દિવસોમાં દુનિયા આખીમાં પ્રસિદ્ધ લેખિકા શ્રીમતી કાજલ ઓઝા વૈદ્ય, ૨૫૦ થી વધુ સુપરહિટ નાટકોના લેખક શ્રી પ્રવિણ સોલંકી, લેખક કવિ શ્રી દિલીપ રાવલ, અભિનેત્રી શ્રીમતી. વંદના પાઠક, હાસ્યનાં બાદશાહ ટીકુ તલસાણીયા, ધર્મેન્દ્ર ગોહિલ, અપરા મહેતા દર્શન જરીવાલા અને એ સિવાય ઘણાં..કોકોનટ થિયેટરના ફેસબુક પેજ પર લાઇવ આવશે અને બધાં થિયેટર પ્રેમીઓને તેમનાં યાદગાર અનુભવો અને વાતો તથા પ્રેરણાદાયી ટીપ્સ શેર કરશે.

સીઝન -૧ અને સીઝન – ૨ ના આદરણીય મહેમાનો અને પ્રેમાળ પ્રેક્ષકોનો પ્રતિસાદ ખૂબ જ સારો હતો જેમણે કોકોનટ થિયેટર ટીમને પ્રાદેશિક થિયેટર પર ઓન લાઈન સત્ર આયોજન કરવાની પ્રેરણા આપી અને કોકોનટ થિયેટરની કર્મઠ ટીમે ગુજરાતી રંગભૂમિનાં માધ્યમથી પ્રાદેશિક સત્રો શરૂ કરવાનું નક્કી કર્યું. ગુજરાતી રંગભૂમિ હંમેશાં ખૂબ જ સક્રિય રહી છે અને વિશાળ ગુજરાતી પ્રેક્ષક વર્ગ સમગ્ર વિશ્વમાં ફેલાયેલો છે. ગુજરાતી થિયેટરમાં એક વિશાળ સંભાવના અને વૃદ્ધિનો અવકાશ હંમેશા રહ્યો છે. તેથી અમારું લક્ષ્ય આ સત્ર દ્વારા વિશ્વભરના તમામ ગુજરાતી થિયેટર અને કલા પ્રેમી સુધી પહોંચવાનું છે. અન્ય ભારતીય પ્રાદેશિક થિયેટર ગ્રુપ અને આંતરરાષ્ટ્રીય થિયેટરનાં કલાકાર કસબીઓ પણ કોકોનટ થિયેટરનાં ફેસબુક પેજને અનુસરી શકે છે અને “ચાય-વાય એન્ડ રંગમંચ ગુજરાતી તખ્તાને સંગ સીઝન ૩” ને ઓન લાઇન અને ઓફ લાઇન જોઈ શકે છે. બધા જ સત્રોનો સંપૂર્ણ સંપૂટ કોકોનટ થિયેટર યુટ્યુબ ચેનલ પર અપલોડ કરવામાં આવશે, જે વિશ્વના કોઈપણ ભાગમાંથી વિના મુલ્યે જોઈ શકશે

## વોઈસ ઓફ ઘાટકોપર ક્લાસિફાઈડ્સ

એડ આપવા માટે સંપર્ક 022-40229684
/vognewslive
www.vognewslive.com

**જાહેરખબરના દર**
ક્લાસિફાઈડ્સ જાહેરખબર ૧૫ શબ્દોના રૂા. ૧૦૦ લેખે સ્વિકારવામાં આવશે. હેડીંગના રૂા. ૧૦ એક્સ્ટ્રા થશે. ૧૫ શબ્દો પછીના વધારાના દરેક શબ્દ દીઠ રૂા. ૪. જાહેરખબર બુધવાર સાંજ સુધી જ સ્વીકારવામાં આવશે. જાહેરાતનું લખાણ ઓફિસ પર ઉપલબ્ધ ફોર્મમાં જ લખી આપવાનું રહેશે.
જાહેરખબર પ્રગટ કરવાની સામગ્રી કાર્યાલયમાં આપો
ઘાટકોપર ટાઈમ્સ પબ્લિકેશન સેન્ટર
–: ઓફિસ :–
એ-૧, સત્યમ શોપીંગ સેન્ટર, એમ.જી.રોડ, ઘાટકોપર (ઈસ્ટ).
સંપર્ક : ૯૦૨૨૨૭૯૬૮૪
voiceofghatkopar@gmail.com

આ અખબારમાં પ્રગટ થતી જાહેરાત બાબતે કોઈને પણ પૈસા મોકલતા પહેલા, કોઈ ખર્ચ માથે લેતા પહેલા કે કોઈપણ પ્રકારનો કરાર કરતા પહેલા વાચકો પૂરતી પૂછપરછ કરી લે એવો તેમને અનુરોધ છે. એડવર્ટાઈઝરો દ્વારા પોતાની પ્રોડક્ટ અને સર્વિસીસ વિશે જે દાવો કરવામાં આવે છે તેના વિશે વોઈસ ઓફ ઘાટકોપર કોઈ જવાબદારી સ્વીકારતું નથી. એડવર્ટાઈઝરો પોતાના દાવામાં ખરા ન ઉતરે એવા સંજોગોમાં કોઈપણ પરિણામ માટે વોઈસ ઓફ ઘાટકોપરના માલિક, તંત્રી, મુદ્રક અને પ્રકાશક જવાબદાર નહીં ગણાય. – સંચાલક

### રીયલ એસ્ટેટ

**એકાઉન્ટ્સ**
કંપની અને સોસાયટી એકાઉન્ટ્સ, જીએસટી રીટર્ન ફાઈલીંગ, ઈન્કમટેક્સ સાથે ફાઈનલાઈઝેશન સુધી કમ્પ્યુટર ઉપર કરી આપશું. **દિલીપભાઈ : 9324203535.** 1917( 574)

**DIAPER TO HOME**
Home Delivery Multiple Brands, Adult Diapers, Pull Up Pants, Baby Diapers Contact : **Neena 88797 17871, Deven 99204 70204.** 1922(553)

**Free GST Registration**
We file incometax, GST and TDS returns, PAN/ TAN application, Aadhar udhyog certificate, IEC application, MSME certificate, Gumasta Licence and Generating DSC. **Contact: K.D & Associates - 70211 70849, 9082992405** (1990) 558

**લગ્ન સંબંધી બાયોડેટા**
voiceofghatkopar@gmail.com
**પર મોકલવાના રહેશે.**
**વધુ માહિતી માટે સંપર્ક**
**022 40229684**

### રીયલ એસ્ટેટ

**ઘાટકોપર, વિદ્યાવિહાર, ચેમ્બુર, તીલકનગર, દાદરથી થાણા**
ફ્લેટ ઓફિસ દુકાન ભાડેથી/ વેચાણથી લેવા – વેચવા. **પંકજ નરેન્દ્ર વોરા - 93211 03249.** (1916)573

**AdiDev Property**
Bungalows For Sale at Lonavala 3, 4 and 5 BHK with Swimming Pool and Garden. AdiDev Property Consultants **95947 96032.** (1934)586

**રાજાવાડીમાં 3BHK વેચાણથી**
૮૩૪ કારપેટ, નવી સોસાયટી, ૩ માસ્ટર બેડરૂમ, વિદ્યાવિહાર સ્ટેશનથી ૧ મિનીટના અંતરે. સંપર્ક **90222 79684**

### શૈક્ષણિક

**RAJ COMPUTERS ACADEMY**
Learn Ms-Office, Adv-Excel, Tally With Gst, Graphic Designing, Web Designing, Digital Marketing, C, C++, Java, Python Etc **Contact Chintan Sir- 80975 09493** (1976) 559

### ધંધાદારી

**શ્રીજી ગૃહઉદ્યોગ**
મસાલા, અથાણા, શરબત, ટિફીન સર્વિસ, સંપર્ક : પ્રવિણ મહેતા **9322255218** (2051) 553

### જમીન મિલ્કત

**ખેડૂત બનવાની**
ઉત્તમ તક, સરકારમાન્ય ક્રયેક્સર ખેડુત નિર્માણ ગ્રુપ. **98204 41241. www. nirmaangroup.in** (1940)538

દરેક ન્યુઝ પેપરોમાં
મરણનોંધ – શ્રદ્ધાંજલિ
નોટીસ તેમજ દરેક પ્રકારની
જાહેરાતો આપવા
દોડાદોડી કરશો નહીં.
ફક્ત whatsapp અથવા
Email કરો.
**Jainam Publicity**
9619160611 / 9323804751
9321789351
Email:aniljainam@gmail.com
www.gmkindia.com

### ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

**LADAKH / KASHMIR . MANALI TOUR 2021 DREAMCASTER**
Plan Your Trip To Ladakh in 2021 Directly With Government Registered Local Agent, No Middle Man Commission.. www.dreamcasterleh.com **Contact- 9906992143** (1958) 554


### ધંધાદારી

Family foalter medicalim policy age o to 75 no medical 3 lac to 1 cross **Dilipbhai 9321554532/ 9136621227** (1997) 561

## ઘરે બનાવેલુ પ્યોર અથાણુ



**ખાટી કેરી – છુંદો તૈયાર મળશે**
**ચોખ્ખુ શુદ્ધ અથાણું, પ્યોર અને સીંગતેલમાં બનાવીને મળશે.**
**હીના કોઠારી - 7021174768 / 9322863755**



# સાપ્તાહિક રાશી ભવિષ્ય

## જ્યોતિષ – પ્રકાશ જોષી

મોબાઈલ – 9969044481 – Email : prakasjoshi@gmail.com

મેષ (અ.લ.ઈ.) : સ્વાસ્થ્ય બાબતે બેદરકાર રહેવાથી શારીરિક અને આર્થિક તકલીફો આગળ પણ વધી ન જાય તે અંગે સાવધ રહેવું જરૂરી છે. કૌટુંબીક-ધાર્મિક અને દવાખાના અંગેના ઓચિંતા ખર્ચાઓ બચત પણ ન થવા દે. ઉત્સવ-પ્રસંગ, યાત્રા જાત્રા અંગેના ખર્ચાઓ કરવા પડે અને તે અંગે સમય પણ ફાળવવા પડતો જોવાય. સ્થાવર-જંગમમાં ફેરફાર થયા અંગેની શક્યતાઓ વાસ્તવીક થતી જોવાય. ચાલુ કામકાજો સીવાયના અન્ય કામો તરફ વધારે આકર્ષણ રહેતું જોવાય.

વૃષભ (બ.વ.ઉ.) : મેદસ્વીતા અને સ્થુળતામાં વધારો થઈ શકે છે. આહાર-વિહાર અંગે સાવધાની વર્તવી અત્યંત જરૂરી થાય. સુગર અંગે પણ સાવધાની વર્તવી જરૂરી થાય. યાત્રા-પ્રવાસ અંગે આરોગ્ય બાબતે કૌટુંબીક ખર્ચા થઈ શકે છે. ધાર્મિક બાબતો અંગેના ખર્ચાઓ પણ બચત અંગેની શક્યતા ઓછી કરતા જણાય. સાહસ-સટ્ટા, શેર-વાયદા અંગેના કામકાજોમાં પુરતી ચોકસાઈ જાળવવાથી નુકશાનીમાંથી બચી શકાય તે અંગે પુરતી સાવધાનીથી કામકાજો કરવા જરૂરી થાય છે. નુકશાનથી બચવું.

મિથુન (ક.છ.ઘ.) : સ્વાસ્થ્યની સ્થિતી એકંદરે સારી રહેતી જોવાય છતાં સામાન્ય જરૂરીયાતવાળી દવાઓ અને સાધનો યાત્રા-પ્રવાસમાં સાથે રાખવા અત્યંત જરૂરી છે. ભ્રાતૃવર્ગ અંગેની નાણાંકીય જરૂરીયાતો અંગેના ખર્ચાઓ કરવા પડતા જોવાય. વૈવાહીક-ભાગીદારી અંગેની શક્યતાઓ આકાર લઈ શકે છે. આર્થિક પ્રવૃત્તીઓ કરવા અંગે તક મળી શકે છે. સટ્ટા-સાહસ તરફ આકર્ષણ વધારે રહેતું જોવાય. ભ્રાતૃવર્ગની પ્રવૃતીઓ સમજવી સકળ રહેતી જોવાય. કિંમતી વસ્તુની ખરીદી આકર્ષક ન રહે તેવી થાય.

કર્ક (ડ.હ.) : સ્વાસ્થ્ય એકંદરે સારૂ રહેતું જણાય છતાં પિત્ત અને વાયુ પ્રકોપ થકી બચવું અત્યંત જરૂરી છે. આગળ પણ હાર્ટને અસર થઈ શકે છે. આર્થિક અને નાણાંકીય બાબતો અંગે સમય સારો ગણી શકાય. કરેલી મહેનતનું સારૂ વળતર મળી શકતું જોવાય. આગળ પણ આકર્ષક લાભની શક્યતામાં નાણાં ફસાય ન જાય તે અંગે સાવધાની વર્તવાથી લાભ મળવો શક્ય થાય છે. કૌટુંબીક જીવનથી અલગ થવું શક્ય છે. સ્થાવર જંગમ અંગેના લાભો અપેક્ષા પ્રમાણે મળી ન શકે કે અપેક્ષાથી ઓછું મળે.

સિંહ (મ.ટ.) : સ્વાસ્થ્ય અને શારીરિક સ્થિતી જળવાઈ રહેતી જોવાય. સ્વાસ્થ્ય બાબતે અને શ્રમ અને દોડાદોડી સ્વાસ્થ્ય બાબતે સવાલો ઉપસ્થિત કરી ન જાય તે અંગે આરામ પણ કરી લેવો અત્યંત જરૂરી છે. નાણાંકીય સ્થિતી એકંદરે જળવાઈ રહેતા વ્યવહારો અને ખર્ચાઓને પહોંચી વળશો. સંપત્તી વહેંચવી પડે અથવા રીડેવલપમેન્ટ અંગે સ્થાન ફેર થવા અંગેની શક્યતાઓ ઉપસ્થિત થઈ શકે છે. વાહનની ખરીદી અન્યો માટે કરી હોય તેવો અનુભવ થઈ શકે છે. કિંમતી વસ્તુની ખરીદી લોકોનું ધ્યાન આકર્ષણનું કેન્દ્ર બની શકે છે. ખરીદી ચોકસાઈપૂર્વક કરવી.

કન્યા (પ.ઠ.ણ.) :મેદસ્વીતા ન વધે અને સ્વાસ્થ્યને તકલીફ ઉભી ન કરે તે અંગે આહાર-વિહાર પર પુરતું ધ્યાન રાખવું અત્યંત જરૂરી છે. નાણાંકીય કોઈ આવકમાંથી વ્યાવહારો અને ખર્ચાઓને પહોંચી વળાય પરંતુ બચત અંગેની શક્યતા નહીવત રહેતી જોવાય. આવકનું સ્તર જળવાઈ રહેતું જોવાય. પારીવારીક ધાર્મિક અને સ્વાસ્થ્ય બાબતના ખર્ચાઓ આગળ પણ વધારે થતાં જોવાય. આયોજન કરી રાખવું અત્યંત જરૂરી છે. ઈમીટેશન અને દાગીનાની પસંદગી વાળી ખરીદી થવી શક્ય થાય અને મનને આનંદ આપી જાય. ભાગ્યને પ્રબળ કરવાના પ્રયાસો કરતાં જોવા મળે.

તુલા (ર,ત) : રેસ્પીરેટરી અને હ્રદયની તકલીફો અંગે સાવધાની વર્તવી અત્યંત જરૂરી છે. સ્વાસ્થ્યને અતી શ્રમ થકી શારીરિક આરામની જરૂરી વર્તાવાનો અનુભવ થઈ શકે છે. કીડની અને યુટીનરી ટ્રેક અંગેના પ્રશ્નો ઉપસ્થિત ન થાય તે અંગે સંભાળ લેવી અત્યંત જરૂરી છે. આર્થિક પ્રવૃત્તીઓમાં મિત્રો-સહાયકો શુભેચ્છકોનો સાથ ઓછો મળતો જોવાય. ધંધાકીય રોકાણો અને ધીરણોનું ધોવાણ ન થાઈ જાય તે અંગે સાવચેતી લેવી અત્યંત જરૂરી છે. અન્યથા ખોટ મજરે લેવી પડતી જોવાય અથવા તો નાણાં લાંબા સમય સુધી અટવાઈ જતાં જણાય ધ્યાન આપવું.

વૃશ્ચિક (ન,ય) : સ્વાસ્થ્ય બગડે નહી તેની પુરતી કાળજી લેવી હિતકારક પુરાવાર થાય. સ્કીન ડીઝીઝ અંગે સાવધાની પૂર્વક ઈલાજો કરી લેવા અત્યંત જરૂરી થાય છે. ભાગીદાર-જીવનસાથી મય રહેલા છતાં નાણાંકીય સ્થિતી પર પુરતું ધ્યાન આપવું અત્યંત જરૂરી છે. કામકાજો પર પણ પુરતું ધ્યાન આપવું અત્યંત જરૂરી થાય છે. સ્થાવર જંગમ અંગેનું રોકાણ થવું અથવા કરવું શક્ય થઈ શકે છે. ચોકસાઈ રાખી આગળ વધવું અત્યંત જરૂરી થાય છે. દસ્તાવેજો અને ભૂમી પરીક્ષણ કર્યા બાદ જ આગળ વધવું અત્યંત જરૂરી થાય છે. સમારકામ થઈ શકે છે.

(ભ.ધ.ફ.ઢ.) :સ્વાસ્થ્ય એકંદરે સારુ રહેવાની દોડાદોડી અને કામકાજો સારીરીતે કરી શકાય તેમ છે. અનીંદ્રા-ઈન્સોમેનીયા થકી ઉંઘ ઓછી થઈ શકે છે. બહારગામ-દેશવર-મથકના કામકાજો ધીમીગતીએ થવા અથવા તો અવરોધ આવવાથી નાણાંકીય કટોકટી ન થાય તે અંગે સાવધ રહેવું અત્યંત જરૂરી છે. મિલ્કતમાં ફેરફાર-સમારકામ અથવા રીનોવેશન-ઈન્ટીરીયરના કામ માટે ખર્ચાઓ કરવા પડતાં જોવાય. શ્રમનું પ્રમાણ વધારે રહે અને મહેનત કરવી પડતી જોવાય. સફળતા મેળવવા માટે મહેનત કરી લેવી અત્યંત જરૂરી થાય છે.

મકર (ખ,જ) : મેદસ્વીતા ન વધે તે અંગે સંભાળ લેવી અત્યંત જરૂરી થાય છે. તેથી શારીરિક તકલીફો ન વધે તે અંગે સાચવવું પણ અત્યંત જરૂરી થાય છે. નાણાંકીય બાબતોમાં ઉપરની કમાણી અથવા તો ઉઘરાણીના નાણાં મળવાથી નાણાંકીય સ્થિતી સુધરે અને ખર્ચાઓ તથા વ્યવહારો જળવાઈ રહેતાં જોવાય. સાહસ-સટ્ટા, શેર-વાયદાના કામકાજોમાં ચોકસાઈ રાખવી અત્યંત જરૂરી છે. અન્યથા નુકશાની મજરે લેવાની સ્થિતી ઉપસ્થિત થઈ શકે છે. કૌટુંબીક જરૂરીયાતની કિંમતી ખરીદી આનંદ આપી જાય.

કુંભ (ગ,સ,શ,ષ) : સ્વાસ્થ્ય એકંદરે સારૂ રહેતું જોવાય. ભાગ્યના સથવારે આવક જળવાઈ રહે અથવા નાણાં મળવા શક્ય થતાં જોવાય. છતાં શેર-વાયદા સાહસ-સટ્ટાના કામકાજોમાં પુરતું ધ્યાન રાખવું અત્યંત જરૂરી થાય છે. નુકસાની મજરે ન લેવી પડે તે અંગે આયોજનપૂર્વક કામકાજો કરવા તથા સ્ટોપ લોસની ગણત્રી રાખી આગળ વધવું જરૂરી થાય છે. કિંમતી વસ્તુની ખરીદી થવી શક્ય થઈ શકે છે. સ્થાવર જંગમની શક્યતા ઓછી રહે છે. કામકાજોમાં પુરતી શક્તિ સાથે આગળ વધતાં જણાવ.

મીન (દ.ચ.ઝ.થ) : સ્વાસ્થ્ય એકંદરે સારૂ રહે પરંતુ માનસીક મુંઝવણ અને ભયચેત અને સુઃખનો અહેસાસ થવાને છે. કૌટુંબીક, આર્થિક, સામાજીક ઉકેલ માંગતા પ્રશ્નો થકી માનસીક ભય અને નિરાશા સંભવી શકે છે. અગાઉ થયેલી આવક થકી આગળ પણ ખર્ચાઓ વ્યવહારનું આયોજન કરી લેવું હિતકારક પુરવાર થાય. વાહન અંગેની ખરીદી કરવી શક્ય થઈ શકે છે. મહેનત કરી લેવાથી રાત્રીના ઉજાગરામાંથી છુટકારો મેળવી શકાય તેમ છે. ગળાના વાઈરલ ઈન્ફેક્શન અને પુરતા ઈલાજો કરી લેવા અત્યંત જરૂરી છે.



# જનુન સાથે જીવન જીવો

– રાજયોગી બ્રહ્માકુમાર નિકુંજ

વિજય ની ખાતર બસ જનુન જોઈએ , જે સણસણે એવું રક્ત જોઈએ
આકાશ પણ આવી જશે ધરતી ઉપર , બસ ઇરાદાઓ માં વિજય નો પડઘો જોઈએ

એક શબ્દ જે આજની યુવા પેઢી ના હ્રદય તેમજ મનમાં ચોવીસે કલાક છવાયેલો રહે છે તે છે જનુન અથવા જુસ્સો. જી હાં! આ શબ્દ ને કવિઓ અને ગીતકારો એ પણ જનમાનસ ની અંદર દબાયેલી લાગણીઓને પુનાર્જાગૃત કરવા માટે ખુબજ સરસ રીતે ઉપયોગ માં લાવ્યો છે અને આજે પણ લાવી રહ્યા છીએ. આપણે આ હકીકત ને નકારી તો ના જ શકીએ કે આજ ના યુવાઓ જે પણ સર્જનાત્મક પ્રવૃત્તિ કરતા હોય છે, એમાં તેઓ ખુબજ જુસ્સા સાથે પોતાની સંપૂર્ણ ઉર્જા શક્તિ ને લગાડી દેતા હોય છે. ભલે આજે આપણા જીવન માં યાંત્રિક ક્ષમતા આપણને વિપુલ માત્રા માં પ્રાપ્ત છે , પરંતુ જો આપણા જીવન માં જે કાર્ય આપણે કરી રહ્યા છીએ એના પ્રત્યે જુસ્સો જ ના હોય તો આપણું જીવન સાવ નિરર્થક સિદ્ધ થઇ જાય છે અને આપણે એક ખૂણે થી બીજે ખૂણે લથડીયા ખાતા રહીએ છીએ.

આપણે સૌ એ વાતના અનુભવી છીએ કે જયારે આપણા જીવન માં જનુન હોય છે ,ત્યારે આપણું નીરસ જીવન રોમાંચક બની જાય છે . હવે પ્રશ્ન એ છે કે આપણે આપણા શુષ્ક જીવનમાં જનુન ને ફરીથી પુનાર્જાગૃત કરવો કઈ રીતે ? આપણા માં થી મોટાભાગ ના લોકો બહુધા અન્ય લોકોના સપના પૂર્ણ કરવા પાછળ પોતાનું આખું જીવન ખતમ કરી નાખતા હોય છે ,અથવા તો બીજા ના અસ્તિત્વ ને બનાવવા ખાતર પોતાનું અસ્તિત્વ જ ખોઈ બેસતા હોય છે. પણ આપણે આવું શાં માટે કરતા હોઈએ છીએ ? કદાચ બીજાને રાજી રાખવા ખાતર ,અથવા તો સમાજ માં અસ્વીકાર ના ભય ને કારણે. કારણ જે પણ હોય ,પરંતુ આપણે એ સમજવું જોઈએ કે જયારે આપણા ઇરાદાઓ આપણા ઉદ્દેશ્ય સાથે જોડાયેલા હોય છે , ત્યારે આપણે જે પણ કાર્ય કરીએ છીએ ,એમાં આપણને જનુન નો અનુભવ ચોક્કસ થાયજ છે .

આજે આપણે બધા જુદી જુદી દિશામાં પોતાની અસંખ્ય ઇચ્છાઓ ને પૂરી કરવા માટે અહિયાં-ત્યાં દોડતા રહીએ છીએ ,જેના ફળસ્વરૂપ આપણે અસંતુષ્ટ અને શક્તિવિહીન બનીને જીવન થી હાર માની લેતા હોઈએ છીએ . આપણા બધામાં એક ખુબજ ખરાબ આદત છે ,અને એ છે કે આપણે હંમેશા બીજા પાસે શું છે અને કેટલું છે એની ઉપર વધારે ચિંતન કરતા હોઈએ છીએ અને પોતાની પાસે શું છે અને કેટલું છે એનાથી આખી જિંદગી અસંતુષ્ટ જ રહેતા હોઈએ છીએ. એની સાડી વળી મારી સાડી કરતા વધારે સફેદ કઈ રીતે વાળી માનસિકતા આપણી અંદર ઊંડે સુધી વસેલી છે . માટે, જો આપણને પોતાના ઉદ્દેશ્ય ને ખરેખર પ્રાપ્ત કરવું છે , તો એના માટે આપણે ત્રણ બાબતો સાથે જોડાવું પડશે , અને એ ત્રણ બાબત છે જ્ઞાન, સમજણ અને કર્મ .

સામાન્યત દરરોજ આપણને હજારો વિચારો આવતા હોય છે ,જેમાંથી ૯૦% થી પણ વધારે તો એજ વિચાર હોય છે જે આપણને પૂર્વે આવી ચુક્યા હોય છે, માટે આપણે જ્ઞાન મેળવવા માટે જે જનુન જરૂરી છે ,એનું પોષણ રચનાત્મક દ્રષ્ટિ અને અગ્રણી સાહસો સાથે કરવું જોઈએ . એવીજ રીતે સમજણ ના અભાવે આપણે મોટે ભાગે પોતાના જીવન ને સાવ તુચ્છ અને કંગાળ બનાવી દેતા હોઈએ છીએ. પરંતુ નિયમિત ધ્યાન ના અભ્યાસ દ્વારા આ ઉદ્દેશ્ય ને પણ પરિપૂર્ણ કરી શકાય છે ,જેથી આપણા કર્મો ઉચ્ચ દ્રષ્ટિ અને અંતર્જ્ઞાન દ્વારા સશક્ત બનીને અન્યો માટે માર્ગદર્શક બને . અને અંતમાં, આપણે આ હકીકત ને ભૂલવી ના જોઈએ કે આપણે પોતાના કર્મો મારફતે પોતાની જાતને વ્યક્ત કરતા હોઈએ છીએ, માટે આપણે શું વિચારી રહ્યા છીએ અને શું અનુભવ કરી રહ્યા છીએ ,એ આપણા કર્મો ઉપર આધારિત છે . જયારે આપણા કર્મો ઉદ્દેશપૂર્ણ હોય છે ,ત્યારે આપણી અંદર જનુન ફરી જાગ્રત થઇ જાય છે જેના ફળસ્વરૂપ આપણું જીવન અર્થસભર અને આહલાદક બની જાય છે . આપણે એ યાદ રાખવાની જરૂર નથી કે આપણે કેટલા વર્ષ જીવ્યા, એની ગણતરી કરવી મહત્વપૂર્ણ નથી ,અપિતું મૂળ મહત્વ તો એ વાત નું છે કે આપણે કઈ રીતે અને કેટલી સર્જનાત્મકતા સાથે પોતાનું જીવન કેવું જીવ્યા . માટે જો આપ પોતાના જીવન માં રોમાંચ નો ખરેખર અનુભવ કરવા ઇચ્છતા હોવ તો આજ થી અને હમણાં થી જ જનુન ને પોતાની અંદર પુનાર્જાગૃત કરો .

# મને વારંવાર માઈગ્રેન (માથાનો દુઃખાવો થાય છે ભાગ-૬ સારવાર)



ડૉ. મણિલાલ ગડા
સીનીયર મનોચિકિત્સક



ડૉ. દિપ્તી શાહ (ગડા)
બાળ મનોચિકિત્સક

આગળના લેખોમાં (ભાગ ૧ થી ૪) આપણે જાણ્યુ કે વારંવાર માઈગ્રેન/માથાના દુઃખાવા/લાંબા ગાળાના માથાના દુઃખાવાના કિસ્સાઓમાં યોગ્ય નિદાન માટે ઊંડાણમાં માહિતી (લક્ષણો તથા ઘટનાક્રમ) અને વૈદ્યકિય તપાસ તથા લેબોરેટરી, એક્સ-રે તપાસ જરૂરી છે. જેમાં ખાસ કરીને મનની માનસિક તપાસ (Mental Status Examination MSE) અને વૈજ્ઞાનિક પદ્ધતિથી માથાના દુઃખાવાની નોંધ (Scientific Headache Diary) ખૂબ અગત્યનું છે.

મનની વૈજ્ઞાનિક તપાસ તથા માથાના દુઃખાવાની વૈજ્ઞાનિક પદ્ધતિની વ્યવસ્થિત નોંધ પરથી મનના આંતરિક પરિબળો તથા બાહ્ય પરિબળો વારંવાર થતા માથાના દુઃખાવામાં શું અને કેટલો ભાગ ભજવે છે. એ જાણી અને સમજી શકાય છે. દર્દી અને પરિવારજનોને પણ આ સમજણ પડે છે. આ માહિતી સારવારમાં તથા ખાસ કરીને કાઉન્સેલિંગમાં ખૂબ જ મદદરૂપ થાય છે. જેને લીધે સારવારના અપેક્ષિત પરિણામ મળે છે.

આ લેખમાં સારવાર વિષે જાણકારી મેળવીએ

સારવાર

સારવારમાં નીચેના મુદ્દાઓ પર લક્ષ કેન્દ્રિત કરવામાં આવે છે.

૧) માથાના દુઃખાવામાં રાહત.

૨) ફરીથી માથાના દુઃખાવાનો ઉથલો ન થાય.

આપણે આગળના લેખોમાં જાણ્યું કે માથાના દુઃખાવામાં માનસિક સ્ટ્રેસ મહત્વનો ભાગ ભજવે છે. જેને માટે સારવાર કરવી અગત્યની છે. આ મુદ્દાને ધ્યાનમાં લઈ સારવાર માટે નીચેની પદ્ધતિઓની ઉપયોગ થાય છે.

૧) દવાઓ :

અ) તાત્કાલિક રાહત (Acute Treatment)

બ) લાંબા ગાળાની રાહત (Long Term Treatment)

**૨) માનસિક સ્ટ્રેસ માટે સારવાર :**

અ) દવાઓ

બ) માનસિક શિથિલતા (Mental Relaxation)

ક) કાઉન્સેલીંગ – સાયકોથેરાપી.

૧) દવાઓ :

સ્નાયુઓના સંકોચાવાથી થતો માથાનો દુઃખાવો

અ) તાત્કાલિક રાહત :

૧.૧) સ્નાયુઓના સંકોચાવાથી થતા માથાના દુઃખાવામાં ચોક્કસ (Specific) પ્રકારની દવાઓ આપવામાં આવે છે. બેન્ઝોડાયાઝેપીન ગ્રુપની આ દવાઓ શરીરમાં રહેલા સ્નાયુઓને ઢીલા/શિથિલ કરે છે આથી કપાળ તતા મગજના સ્નાયુઓ (Frontal and forchead Muscles) શિથિલ થાય છે. અને દુઃખાવામાં રાહત મળે છે.

બ) લાંબા ગાળાની રાહત :

જે દવાઓથી માથાના દુઃખાવામાં રાહત મળેલ છે એ જ દવાઓ આ સમયમાં યોગ્ય સમય સુધી ચાલુ રખાય છે. દુઃખાવામાં રાહત મળ્યા છતાં દવાઓ ચાલુ રખાય છે. જેથી બીમારીનો તથા માથાના દુઃખાવાનો ફરી ઉથલો ન થાય.

જો ઉથલો થાય તો દવાઓ ઘણો લાંબો સમય સુધી વર્ષો સુધી ચાલુ રાખવી પડે છે.

૧.૨) માઈગ્રેન-આધાશીશી :

અ) માઈગ્રેનના હુમલા વખતે દુઃખાવોને કાબૂમાં તાત્કાલિક લાવવો ખૂબ જરૂરી છે. આને માટે અલગ અલગ ગ્રુપની દવાઓ વપરાય છે. ૧) નોન સ્ટેરોઈડ્સ એન્ટિ ઈન્ફલેમેટરી દવાઓ (NSAIDS), ૨) અરગોટામાઈન્સ , ૩) ઓપીઓઈડ્સ, ૪) એન્ટિ નોસીઆ તથા તાજેતરમાં નથી આવેલ, ૫) ટ્રીપટાન્સ.

માઈગ્રેનના દરેક દર્દી માટે વ્યક્તિગત રીતે અ) કયા ગ્રુપની દવા આપવાની છે. બ) કેટલી માત્રામાં આપવાની છે. ક) કેટલો વખત આપવાની છે. ડ) ક્યારે આપવાની છે એ સ્પેશીયાલીસ્ટ ડોક્ટરને અનુભવ હોવાથી એ નક્કી કરે છે જેથી અપેક્ષિત પરિણામ મળે.

બ) માઈગ્રેનના દુઃખાવાનો ફરીથી હુમલો અટકાવવા : આના માટે અલગ પ્રકારની દવાઓ ઉપલબ્ધ છે.

અ) બીટા બ્લોકરસ, બ) કેલ્શીયમ ચેનલ બ્લોકરસ, ક) કેલ્સીટોનિન જીવ રીલેટેડ પેપટાઈડ્સ (CGRP) એન્ટાગોનિસ્ટ, ડ)એન્ટિ ડીપ્રેશન્ટ, ઈ) એન્ટિકનવલ્સન્ટ, એફ) બોટોક્ષ.

ઉપરોક્ત દવાઓ રોજ લેવી પડે છે. અ) કઈ દવાઓ લેવી, બ) કેટલી માત્રામાં આપવી વગેરે વ્યક્તિગત ધોરણે નક્કી કરાય છે.

**૨) માનસિક સ્ટ્રેસ માટે સારવાર :**

સંશોધન દ્વારા સાબિત થયેલ છે કે વારંવાર/લાંબા ગાળાના થતા માથાના દુઃખાવામાં બે ઘટકો મહત્વના છે.

અ) શારીરિક કારણો – અવયવ થતા સ્નાયુઓમાં થતા ફેરફાર

બ) માનસિક સ્ટ્રેસ :

લાંબા ગાળાના /વારંવાર થતાં માથાના દુઃખાવામાં ૮૪% કિસ્સાઓમાં માનસિક સ્ટ્રેસ મહત્વનો ભાગ ભજવે છે. સારવારમાં સ્ટ્રેસ મહત્વનો ભાગ ભજવે છે. સારવારમાં આ ઘટકોને આવરી લેવું બહુ જ મહત્વનું છે.

૧) દર્દીનો લાગણીશીલ વ્યક્તિત્વ, ૨) પરિવારજનોના વર્તનની લાગણીશીલ મન પર નકારાત્મક અસર, ૩) નજીકના સંબંધોમાં અવારનવાર થતી ગેરસમજ તથા તકરારો, ૪) નિરાશાજનક લાગણીઓ અને ભાવનાઓને વ્યક્ત કરવાની અણઆવડત અને તેવી અવ્યક્ત લાગણીઓને દાબી દેવાની વૃત્તિ, ૫) વાસ્તવિકતા કરતા વધારે અપેક્ષાઓ રાખવાની વગેરેને લીધે માનસિક સ્ટ્રેસનું નિર્માણ થાય છે.

માથાના દુઃખાવાની વૈજ્ઞાનિક નોંધ પરથી માનસિક સ્ટ્રેસ વિષેની જાણકારી મળે છે. જે કાઉન્સિલીંગની સારવારમાં ખૂબ જ ઉપયોગી થાય છે. તથા કયા પ્રકારની કાઉન્સિલીંગની પદ્ધતિ આ દર્દી માટે ઉપયોગી નીવડશે એ નિર્ણય કરાય છે.

માનસિક સ્ટ્રેસ માટેની સારવારની ઊંડાણમાં જાણકારી હવે પછીના લેખમાં મેળવશું. ક્રમશઃ....

## શબ્દોનું સ્પંદન

# ૨૨ એપ્રિલ પૃથ્વી દિવસ નિમિત્તે શુભભાવ



પ્રા. બિંદુ મહેતા

છેલ્લા ૫૦ વર્ષથી આપણે ૨૨ એપ્રિલ પૃથ્વી દિવસ તરીકે ઉજવીએ છીએ. સમગ્ર બ્રહ્માંડમાં એક પૃથ્વી જ એવી છે જ્યાં હવા, પાણી, વનસ્પતિને જીવ સૃષ્ટિ છે. સુક્ષ્મથી સ્થૂળ માનવ સુધીના જીવોને અનુકુળ વાતાવરણ છે. તેથી આ દિવસ આપણા માટે મહત્વનો છે. આપણે સવારે ઉઠતા જમીન પર પગ મુક્તા આ શ્લોક જરૂર બોલવો જોઈએ 'સમુદ્ર વસને દેવી પર્વત સ્તન મંડીતે, વિષ્ણુ પત્ની નમસ્તુભ્ય પાદ સ્પર્શ ક્ષમસ્વ મેવ' સમુદ્રરૂપી કપડાવાળી, પર્વતરૂપી સ્તનવાળી અને વિષ્ણુ ભગવાનની પત્ની હે પૃથ્વી દેવી તમને નમસ્કાર કરૂ છું. મારા પગનો તમને સ્પર્શ થાય છે. તે બદલ મને ક્ષમા કરો આજના વિષમ કાળમાં ધરતી માતા પોતાના સર્વ સંતાનોની બરાબર સંભાળ લે તેનું સ્મરણ કરે પૃથ્વી જ આપણી જનની જન્મભૂમિ છે. તેને કોટી કોટી પ્રણામ આકાશમાંથી ધરતી પર નજર કરો તો અનેક સૌદર્યથી ભરપુર રંગોથી છલકાતી પૃથ્વી કેટલી રળીયામણી લાગે છે. તેની ક્ષમતા અપરંપાર છે. વિશાળ ઉછળતો કુદતો સમુદ્ર અને એની અંદર અનેક ખુબીઓવાળા જીવો અને રત્નો તેના ખોબામાં છે ગાઢ જંગલોથી ભરેલા પર્વતો ક્યાંક ઝરણા, નદીઓ અને ધોધરૂપે વહેતુ જળ તે આપણા માટે સંભાળીને રાખે છે. જીવ માત્રની તેને કાળજી છે ને તેને પોષણ આપે છે. એકજ માટીમાંથી જુદી જુદી કેટલીય વનસ્પતિઓને તે ખોરાક પુરો પાડે છે. અનેક ખનીજ સંપત્તિનો ખજાના તેમાં પુરાયેલા છે. પૃથ્વીનો કણ કણ ઉપયોગી છે. ધરતી જે માતાનું સ્વરૂપ છે. માતામાં સર્જન સંરક્ષણ અને પોષણની શક્તિ છે. અને તેથીજ માતાનું સ્વરૂપ અતિ સુંદર લાગે છે. માટીમાં એક સોડમ હોય છે તેવી જ સોડમ માતમાં પણ હોય છે. જેની અંદર પ્રમ છુપાયેલો છે.

માતાના સંતાનો કે સર્જનને કોઈ હણે તો માતા ઘણીજ વ્યથિત થાય છે. એક તત્વચિંતકે કહ્યું છે કે તમે એક માખી કે મચ્છરને પણ મારો તો તેની અસર આખા બ્રહ્માંડ ઉપર થાય છે. એટલે કે આપણે બધાજ એકબીજા સાથે સંકળાયેલા છીએ. માનવજાત માટે આ જેટલું સાચું છે. તેટલું જ સમગ્ર જીવસૃષ્ટિ માટે પણ છે. આવી જ પર્યાવરણની રક્ષા કરવાનું કહેવાયુ છે. ધરતી માતાની સહન શક્તિ અકલપ્ય છે. પરંતુ જ્યારે આપણે પોતાના નીજી સ્વાર્થ ખાતર જંગલો ઝાડવાઓની કતલ કરીએ છીએ ધરતી માતાએ દરેક જીવ માટે ખોરાકની વ્યવસ્થા કરી છે. ત્યારે આપણે માત્ર આપણોજ વિચાર કરી તેનો ભોગવટો અને સંગ્રહ કરીએ છીએ અને વ્યય પણ કરીએ છીએ. ડુંગરો ખોદ્યા, જમીનો ખોદીને જે તેમાંથી ઉલેચ્યું છે. તેને કારણે જ પોલાણ થાય વિશાળ બંધો બાંધી જમીન પર દબાણ લાવીએ છીએ ત્યારે ધરતી માતાની વેદના અસહ્ય થાય છે. ત્યારે જ ધરતીકંપ થાય છે ને માનવની ભૂલને કારણે માનવ સાથે અનેક જીવોનો વિનાશની શરૂઆત હોય કે માનવ કાંઈ સર્જનનું કાર્ય કરે ત્યારે ધરતી માતાનું પૂજન કરવામાં આવે છે. ખંડન વિધિ કરવામાં આવે છે જેમાં માને હાની પહોંચી હોય તેની ક્ષમા માગવામાં આવે છે.

# નિહારીકા શાહ દ્વારા કોરોના કેર સેન્ટરમાં કપૂર અને અજમાની પોટલીનું વિતરણ



કોરોના કાળમાં દરેક વ્યક્તિ પોતાની રીતે અલગ અલગ રીતે મદદ કરી રહ્યાં છે જેમાં ઘાટકોપરના નિહારીકા શેઠ શાહએ કપૂર અને અજમાની પોટલી બનાવીને કોરોના સેન્ટર અને હોસ્પિટલમાં ફ્રી ડિસ્ટ્રીબ્યુશન કર્યું હતું. અત્યાર સુધીમાં તેમણે ૩૫૦થી વધુ લોકોને આ સેવા આપી છે. તસ્વીરમાં નિહારીકા શેઠ-શાહ આ પોટલીઓ સ્વયંસેવકોને આપી રહ્યા છે બાજુમાં નવગરસેવિકા બિન્દુબેન ત્રિવેદી નજરે પડે છે.


**મરણનોંધ માટે**

મુંબઈના દૈનિક અખબારોમાં મરણનોંધ પ્રકાશિત કરવા માટે લેટરપેડ પર મરણનોંધ લખી જરૂરી પ્રુફ સાથે નીચે જણાવેલ નંબર પર સંપર્ક કરો.

9869038095
9022279684

MNE/413/2019-21

# વોઈસ ઓફ ઘાટકોપર

www.vognewslive.com | /vognewslive

બેસ્ટ ન્યુઝપેપર ઈન ટાઉન એવોર્ડ વિજેતા ઘાટકોપરનું પ્રિમીયમ ન્યુઝપેપર

9022279684

Office : A-1, Basement, Satyam Shopping Centre, M.G.Road, Ghatkopar(East), Mumbai - 400 077. ☎ : 022-40229684



શોપ ભાડેથી જોઈએ છે

ઘાટકોપર ઈસ્ટ-વેસ્ટમાં ૨૦૦ થી ૨૫૦ ફૂટ શોપ - દુકાન ૩ થી ૫ વર્ષ માટે ભાડેથી જોઈએ છે. દલાલ માફ

સંપર્ક

9022279684

9869038095


વર્ષ : 14 ● અંક : 14 ● સળંગ અંક : 553 ● મુંબઈ ● શુક્રવાર ● તા.23 અપ્રિલ – 29 અપ્રિલ 2021 ● પાના : 12 ● કિંમત રૂ.4

## ઘાટકોપર પૂર્વમાં વોર્ડ ક્રમાંક 131માં ઘણા સ્થળોએ થતા ટ્રાફિક જામનો ચોમાસા પહેલા ઉકેલ લાવવાની નાગરિકોની માંગ

### નગરસેવિકા રાખી જાધવ અને મનપા પ્રશાસનને વારંવારની ફરિયાદોનો ઉકેલ ક્યારે આવશે?

વોઈસ ઓફ ઘાટકોપર, પ્રતિનિધી તરફથી

ઘાટકોપર પૂર્વનો ઘણોખરો વિસ્તાર અને ખાસ કરીને પૂર્વ બાજુએ સ્ટેશન નજીકના રસ્તાઓ મહાનગરપાલિકા વોર્ડ ક્રમાંક 131 અંતર્ગત આવે છે. અહીંના માર્ગો ખૂબ જ સાંકળા હોવાતી ટ્રાફિક જામની સમસ્યાનો બારેમાસ સામનો નાગરિકોને કરવો પડતો હોય છે. નાગરિકો દ્વારા આવા સાંકળા માર્ગો તથા જંક્શનો પર ટ્રાફિક ને લગતી વિવિધ વ્યવસ્થાઓ કરવાની માંગ ઘણા સમયથી કરવામાં આવી રહી છે.



આ અંગે **ભૂતપૂર્વ નગરસેવક સુરેશ ગોલતકરે** જણાવ્યું કે હું 15 વર્ષ આ વિસ્તારનો નગરસેવક રહ્યો છું. છેલ્લા દોઢ દાયકામાં અહીં ટ્રાફિક ખુબ વધ્યો છે. વાહનો પણ વધ્યા છે. મહત્વના જંક્શનો અને સાંકળી ગલીઓમાં ટ્રાફિકની સમસ્યા અંગે જાગૃતિની જરૂર છે, હનુમાન મંદિર ચોક પાસે થતા ટ્રાફિક



જામ દુર કરવાની જરૂર છે.



સ્થાનિક રહેવાસી **મીનાબેન અંતાણીએ** જણાવ્યું કે નગરસેવિકા રાખી જાધવને હનુમાન ચોક અને અરૂણ વૈદ્ય ગ્રાઉન્ડ પાસે થતા ટ્રાફિક અંગે જાણ કરાઈ છે અને નિકાલ લાવવા માંગણી પણ કરાઈ છે પણ કોઈ ધ્યાનમાં લેતું નથી.



**ભાજપના સ્થાનિક આગેવાન અવિનાશ જાધવે** જણાવ્યું કે વોર્ડ ક્રમાંક ૧૩૧માં ટ્રાફિકની ઘણી સમસ્યા છે, દેરાસર લેનમાં મુંદ્રા ફરસાણ નજીક તથા હિંગવાલા લેનાં જે જે સ્થળોએ ડિવાઈડરની જરૂર છે ત્યાં ત્યાં ડિવાઈજર મુકવા જોઈએ. ઉલ્લેખનીય છે કે વિધાનસભ્ય પરાગ શાહ દ્વારા પણ ઘાટકોપર પૂર્વના અનેક વિસ્તારોમાં ડિવાઈડરો મુકવામાં આવ્યા છે, જેના પછી તે વિસ્તારોમાં ટ્રાફિકની સમસ્યામાં ઘટાડો જોવા મળ્યો છે. વોર્ડ ક્રમાંક ૧૩૧ના પ્રતિનિધી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષના રાખી જાધવ છે. તેઓને પીએસ 1008 ટીમ દ્વારા ડિવાઈડરોની માંગણી કરવામાં આવી હતી પણ હજુ સુધી કોઈ પગલા લેવાયા નથી. નગરસેવિકા રાખી જાધવને વારંવાર સંપર્ક બાદ તેમણે ફોન ઉપાડી વોઈસ ઓફ ઘાટકોપરને જણાવ્યું હતું કે પ્રિ-મોન્સૂન વર્ક હેઠળ જેટલું મહત્વનું કામ થઈ શકે તે કરાવવાના પ્રયત્નો હું કરી રહી છું.






Printed & Published by **Jayant Visanji Chheda,** Owned & Edited by **Jatin Jitendra Kothari** and Printed at : **MID DAY Infomedia Limited.,** R/843/3, TTC Industrial Area, MIDC Rabale, Navi Mumbai - 400 701. and Published at 601, Abhinandan Apt., Sarvodaya Nagar, Mulund (West), Mumbai - 400 080. • **E-mail : voiceofghatkopar@gmail.com** • **RNI : MAHGUJ/2008/28113**